Rs. 5/-

શ્રી સ્વામિનારાયણ

March' 2008


પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧. ● Publisher : Shree Swaminarayan Temple, Ahmedabad-1.
















૧. આપણા લેસ્ટર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સમૂહ આરતી ઉતારતા હરિભક્તો.
૨. ધરિયાવદ (રાજ.) મંદિરમાં પાટોત્સવ-અભિષેકની આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી
૩. કોલોનીયા (અમેરિકા) મંદિરમાં સમૂહ મહાપૂજામાં હરિભક્તો .
૪. આપણા સીડની (ઓસ્ટ્રેલીયા) મંદિરમાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પાટોત્સવ પ્રસંગે શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક કરતા ભુજ મંદિરના સંતો.
૫. કેનેડા ટોરન્ટોમાં ખૂબજ ઠંડીમાં અને બરફ છવાયેલા વાતાવરણમાં હરિભક્તોને ત્યાં સંત મંડળસાથે પધરામણી કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



સંસ્થાપક

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ આચાર્યશ્રી ૧૦૦૮

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭

ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન

૨૨૧૩૩૮૩૫ (મંદિર)

૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

સ્વામી નારાયણસ્વરૂપદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.

ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.

www.swaminarayan.info

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦

વંશ પરંપરાગત

દેશમાં રૂા. ૫૦૧-૦૦

વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦

છુટક નકલ રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - 1 અંક : 11 માર્ચ -2008

અનુક્રમણિકા

૧ અસ્મદીયમ્ ૦૨

૨ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૩

૩ મૂળી વસંત પંચમીના સમૈયા પ્રસંગ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની અમૃતવાણી ૦૪

૪ હે યુવાનો !! ૦૬

૫ મૃત્યુનો ભય ૦૭

૬ વચનામૃત - કારીયાણી ૦૯

૭ શ્રધ્ધા ૧૧

૮ વિશ્વમાં અપ્રતિમ,અદ્વિતીય અને ઐશ્વર્યસભર શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ૧૨

૯ સત્સંગ સુરભિ ૧૫

૧૦ સત્સંગ બાલવાટિકા ૧૮

૧૧ ભક્તિ સુધા ૨૦

૧૨ પ્રશ્નપેટી ૨૨

૧૩ સત્સંગ સમાચાર ૨૩

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :

મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે

શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

अस्मदीयम्



તંત્રીશ્રીની કલમે....

આપણી ભારત ભૂમિઅતિ પુણ્યશાળી છે. આ અલૌકિક દિવ્ય ભૂમિપર અખિલ બ્રહ્માંડના અધિપતિ સર્વ લોકના અધિષ્ઠાતા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને ઉત્તર પ્રદેશના અયોધ્યા પાસેના નાના એવા છપૈયા ગામે અવતાર ધરવાનું પસંદ કર્યું અને ત્યારથી જેનું ભારતના નકશામાં નામશોધવા માટે બીલોરી કાચનો ઉપયોગ કરવો પડતો તે આજે ભગવાનના જન્મથી ભાગ્યવંતુ અને વિશ્વમાં પ્રસિધ્ધ બની ગયું.

સર્વોપરિ શ્રી બાલ સ્વરૂપ ઘનશ્યામમહારાજ સ્વરૂપે સંવત ૨૦૩૭ના ચૈત્ર સુદ-૯ ના છપૈયા મુકામે ભક્તિ માતા થકી રાત્રે ૧૦-૧૦ ઘડીએ પ્રગટ થયા. જે આજે આપણે સૌ ૨૨૭ મો પ્રાગટ્યોત્સવ ઉજવીશું. આજના દિને મર્યાદા પુરુષોત્તમશ્રી રામચંદ્રજી ભગવાન નો પણ પ્રાગટ્યદિન છે.

સંપ્રદાયના સૌ પ્રથમઅને વિશ્વ પ્રસિદ્ધ અમદાવાદના કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વાવતારી શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં અને શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં ચૈત્ર સુદ-૯ રામનવમી નો સમૈયો દેશો-દેશના હજારો સંત-હરિભક્તોની ઉપસ્થિતિમાં ઉજવાશે. આવા અલૌકિક સમૈયાના જે જન દર્શન કરશે તે જીવ ગમે તેવો હશે પણ જો તેને અંતકાળે આવા સમૈયાની સ્મૃતિ થઈ આવે તો તેનું નિશ્ચે કલ્યાણ થશે. આવો કોલ આપણા ઈષ્ટદેવે આપ્યો છે. માટે શ્રીહરિનાં સર્વે આશ્રિતોએ વરસમાં આવતા ફાગણ સુદ-૩ ના શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ અને ચૈત્ર સુદ-૯ રામનવમી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રાગટ્યોત્સવ દિન આ બન્ને દિવસો એ લાખો કામપડતા મૂકીને દર્શન કરી લેવા. આવો દેવોને દુર્લભ મનુષ્ય દેહ મલ્યો છે અને તેમાંય આવો સત્સંગમાં જન્મઅને આવા નરનારાયણદેવ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી મળ્યા છે તો છેલ્લો જન્મદર્શન કરી સુફળ કરી લેવો તેજ આવા સમૈયા-ઉત્સવો ઉજવવાનું પ્રયોજન છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)

સાધુ નારાયણસ્વરૂપદાસના

જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ફેબ્રુઆરી-૨૦૦૮)

૮. ટપલપરા, કોઠ અને જવારજ (ધોળકા દેશ) ગામે સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૯. પ.ભ. બાબુભાઈ ઠક્કરને ત્યાં પધરામણી, પાલડી.

૧૧. મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિર, વસંતપંચમીના સમૈયા પ્રસંગે પધરામણી.

૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડા પારાયણ-પાટોત્સવ અને સુવર્ણ કળશ મહોત્સવ પ્રસંગે પધરામણી.

૧૫. લાલોડા (તા. ઈડર) શ્રી સ્વામિનારાયણ મંદિર, પારાયણ પ્રસંગે પધરામણી.

૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા શાકોત્સવ - પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. રાકેશભાઈ કાછીયાને ત્યાં પધરામણી, મણીનગર.
પ.ભ. ધર્મેન્દ્ર બાબુલાલ પટેલને ત્યાં પધરામણી.
પ.ભ. મનુભાઈ ચુનીલાલ સોનીને ત્યાં પધરામણી, નવરંગપુરા.

૧૭-૧૮. ધરિયાવદ (રાજસ્થાન) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૯. વાસણા અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.
કલોલ શ્રીનગર શ્રી સ્વામિનારાયણ મંદિર આરતી ઉતારવા પધાર્યા.
શ્રી સ્વામિનારાયણ મંદિર મોખાસણ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૦. ભીમપુરા ગામે (તા. માણસા) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૧. પ.ભ. અમૃતભાઈ નરસિંહભાઈ પટેલને ત્યાં પધરામણી, મણીનગર.

૨૨. રિદ્રોલ (જિ. ગાંધીનગર) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
ઉનાવા ગામે પ.ભ. રમણભાઈ મણીલાલ ત્રિકમભાઈને ત્યાં પધરામણી.

૨૩. પ.ભ. અશોકભાઈ મોહનભાઈ બોરડને ત્યાં પધરામણી, એપ્રોચ-બાપુનગર.

૨૪. લીંબડી (મૂળી દેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
મોરબી શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
"સંદેશ" પેપર આયોજીત આપણા કાલુપુર મંદિરના 'સંસ્કાર જ્ઞાન ઉત્સવ'માં આશીર્વાદ આપવા પધાર્યા, નવરંગપુરા.
પ.ભ. અરવિંદભાઈ પી. ઠક્કરને ત્યાં પધરામણી, અને ત્યાં અન્ય હરિભક્તોને ત્યાં પધરામણીઓ, જોધપુર-સેટેલાઈટ.

૨૫. લુણાવાડા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૬. નારણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
લાંધણજ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ-પારાયણ પ્રસંગે પધરામણી.

૨૭. વિહાર શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.


૨૮. ભાવપુરા ગામે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૯. હરિપુરા (તા. વિરમગામ) શ્રી સ્વામિનારાયણ મંદિર 'જપયજ્ઞ' પ્રસંગે પધરામણી.

અમદાવાદ કાલુપુર મંદિરમાં ફૂલદોલોત્સવ

અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ફાગણ સુદ-૧૫ તા. ૨૧-૩-૨૦૦૮ ને શુક્રવારના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે શ્રી નરનારાયણદેવ જયંતી ફૂલદોલોત્સવ ધામધૂમથી ઉજવાશે. સમસ્ત સત્સંગને દિવ્ય લાભ લેવા નિમંત્રણ છે. - *મહંત સ્વામી*

મૂળી વસંત પંચમીના સમૈયા પ્રસંગ
પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની અમૃતવાણી



સત્સંગ ન મળ્યો હોત અને આવા ભગવાન ન ઓળખાયા હોત તો આપણી શી દશા થાત ? ભગવાન થકી જ આપણે રૂડા છીએ. સ્વામિનારાયણ ભગવાનના આપણે ઋણી છીએ. એક એક શ્વાસ જે આપણે લઈ રહ્યાં છીએ તે માત્ર અને માત્ર ભગવાનની ઈચ્છાથી જ લઈ રહ્યા છીએ. ભગવાનનો આપણા ઉપર ખૂબ ખૂબ ઉપકાર છે. મુક્તાનંદ સ્વામીનું પદ આપણે રોજ રાત્રે ભગવાનની સ્વાભાવિક ચેષ્ટાનાં પદમાં બોલીએ છીએ. હવે તો ચેષ્ટાંનાં પદો બોલવાની પ્રથા પણ ધીમે ધીમે ઓછી થતી જોવા મળે છે. આ ચેષ્ઠાના પદ પણ બહુભાવથી ધીરે ધીરે ગાવા જોઈએ. ઝડપની હરિફાઈ કરતાં હોય તેમઆપણે પદો બોલી નાંખીએ છીએ. મુક્તાનંદ સ્વામીનું પદ "રે... શ્યામ તમે સાચું... નાણું" ગાઈએ છીએ તેમાં મુક્તાનંદ સ્વામી કહે છે બ્રહ્માથી કીટ લગી જોયું. જુઠું સુખ જાણીને વગોવ્યું.... એ પદમાં "જાણીને વગોવ્યું" તે શબ્દ બહુ સમજવા જેવો છે. સંતોએ પોતે આ સુખ બીજાનાં કહેવાથી વગોવ્યું નથી પણ પોતે જાતે તેનો અનુભવ લીધો-જાણ્યું-અનુભવ્યું... પછી બરાબર ખાત્રી કરીને વગોવ્યું છે. જેથી ફરીથી તે સુખમાં મન લલચાય નહીં તેવી દૃઢ વાત સ્વામીએ કરી છે.

મહારાજ સંતોની કસોટી કરતાં, વર્તમાન નિયમનાં જુદાં જુદાં કઠીન પ્રકરણો બદલતાં, સંતો ભગવાનનો મહિમા જાણી ગયા હતાં. આથી મહારાજ ગમે તેટલી કસોટી, તપ કરાવે પણ રાજી થકા કરતા હતાં. એકવાર બ્રહ્માનંદ સ્વામીને મહારાજે જુદાં જુદાં નિયમ-પ્રકરણો બાબતે પૂછ્યું કે સ્વામી હું સંતોને આટલાં હેરાન કરું છું તો તમો અમોને છોડીને કેમ બીજે ચાલ્યાં જતાં નથી ? કે ચાલ્યા જવાનું મન થતું નથી ? ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે મહારાજ, તમારા સિવાય આ જગતમાં બ્રહ્માંડમાં કોઈ અણું જેટલી જગામાં પણ જો બીજો કોઈ ભગવાન જોવા મળ્યો હોત તો અમે ક્યારનાય તમને મૂકીને ભાગી ગયા હોત. પરંતુ તમારા સિવાય જગતમાં ક્યાંય સુખ નથી કે ક્યાંય તમારા જેવા ભગવાન નથી. માટે તમો જેમ રાખો તેમ રહીશું પણ તમોને છોડીને મહારાજ અમો ક્યાંય જઈશું નહી. આજે આ દુનિયામાં ચારેબાજુ વિકટ પરિસ્થિતિ છે. મંદિરની બહાર માયા રાહ જોઈને બેઠી છે. ભગવાનના મંદિર કે આ સભા છોડીને જેવા બહાર જગતમાં જઈશું કે તુરત માયા વળગવાની છે. જેમ મંદિરનાં પગથિયાં ઉતરતા જઈએ તેમ તેમ અંતઃકરણમાંથી ભગવાન પણ ઉતરતા જાય છે. તેવી માયા છે. તે ભગવાનને રીઝવવાના અર્થે આપણે મનગમતું સર્વ મુકવાનું છે.

ધરતીકંપ આવ્યો ત્યારે એક ધનવાન કુટુંબ પોતાની હવેલીમાં હતાં તે ઘરધણી ઘરની રોકડ રકમ, ચોપડાં લઈ જલ્દી નીચે ઊતરી ગયાં. ઘરની સ્ત્રીઓ હતી તે ઘરેણાં દાગીના, જે પોતાની વસ્તુ હતી તે લઈને હેમખેમ ઘરની બહાર આવી ગયા. સહુ સહુ પોતાનું-ઘરનું જે કિંમતી નાણું, દાગીનાં, દસ્તાવેજો લઈ ભાગ્યા પણ આ બધું મિલકત દાગીના જેને માટે ભેગું કર્યું હતું તે ઘરનો વારસદાર પુત્ર બાળક ઘરમાં સૂતો હતો. તેને કોઈએ યાદ કર્યો નહીં. આમ સાચો વારસો જેને આપવાનો છે તેને ભૂલીને માયા તરફ સૌ દોડ્યા. તેવું જ આ સંસારનું છે. આપણાં વડીલો પૂર્વજો-સંતો-મા-બાપે મળીને જે સત્સંગનો સંસ્કાર વારસો આપણને આપ્યો છે તે વારસો આપણે આપણાં સંતાનોને આપવાનો છે. જો તે વારસો એ સત્સંગની પ્રથા પૂજાપાઠ, કીર્તન, સમૈયા, મહારાજ

અને સંતોની વાતો આપણાં બાળકોને નહીં શીખવીએ તો એક સમય એવો આવશે કે આપણાં વારસદારો સત્સંગ ભૂલી જશે. આપણા વડીલોએ કરેલો પ્રયત્ન નિષ્ફળ જશે. જીવનમાં સારા ગુણો મેળવતાં ઘણો સમય અને શક્તિની જરૂર પડે છે. જ્યારે ખરાબ અવગુણો દોષો ગ્રહણ કરતાં વાર લાગતી નથી. તે બાબતે સોક્રેટીસનું દૃષ્ટાંત આપતાં કહ્યું "જે ગ્રીક દેશમાં મહાન ફિલસૂફ સોક્રેટીસ થઈ ગયો. તેને અનેક સદ્‌ગુણી શિષ્યો તૈયાર કર્યા હતાં. આ સોક્રેટીસને એકવાર એક વેશ્યા મળી. તેમણે સોક્રેટીસને કહ્યું જો હું તારા બધા શિષ્યોને ધર્મભ્રષ્ટ કરી નાખીશ. ત્યારે સોક્રેટીસે તેનાં પર કોઈ ગુસ્સો કર્યો નહીં. ઉલ્ટાનું એવું કહ્યું : જો તું વેશ્યા છે. તારા થોડા પ્રયત્નોથી તારું કામ થઈ જશે. કારણ કે માણસને સુધરતાં વાર લાગે છે બગડવા માટે કશો જ શ્રમ કરવો પડતો નથી. કુસંગનો સંગ તરત જ લાગી જાય છે. એવી આ જીવની નબળાઈ છે. સીડીના પગથિયાં ચઢતાં જ વાર લાગે છે. ઉતરવામાં શ્રમ કે સમય બહુ લાગતો નથી. જલ્દી પગથિયા ઉતરી જવાય છે. સોક્રેટીસનું કામ સીડી ચઢાવવાનું હતું. વેશ્યાનું કામ સીડી ઉતારવાનું હતું તે બહુ જલ્દી થઈ શકે.

દુકાન, ધંધો-ખેતીવાડીનો વારસો તો સંતાનોને કદાચ નહીં આપો તો ચાલશે. પણ સત્સંગનો વારસો જરૂર આપજો. શિક્ષાપત્રીમાં મહારાજે કહ્યું છે જે અમો આ શિક્ષાપત્રી જે લખી છે તે સર્વ સત્તશાસ્ત્રનાં સારરૂપે લખે છે. તો અહીં મહારાજે શાસ્ત્રને બદલે સત્તશાસ્ત્ર શબ્દ ઉપર ભાર દીધો છે. શાસ્ત્રો તો અનેક પ્રકારનાં છે. શાસ્ત્રો વાંચવાથી કોઈને કોઈ જ્ઞાન જરૂર થાય પણ તે શાસ્ત્રો આપણને ભગવાન પાસે લઈ જતા નથી. જ્યારે સત્‌શાસ્ત્રો છે તેનો આશ્રય કરવાથી તે આપણને ભગવાન પાસે લઈ જાય છે. શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તેને ચારેય પુરુષાર્થ પ્રાપ્ત થાય છે. જે શિક્ષાપત્રી પ્રમાણે નહીં વર્તે તે કષ્ટને પામશે તેવું પણ કહ્યું છે. તો જગતનાં જીવને તો સુખદુઃખ આવે તે પ્રારબ્ધને કારણે આવે. પરંતુ ભગવાનનાં ભક્તને જે સુખ-દુઃખ આવે તે તો મહારાજની આજ્ઞા લોપવાને કારણે આવે છે. જ્યારે કોઈ દુઃખ આવે ત્યારે તે ભગવાનની ઈચ્છાએ કરીને આવે છે. જગતનાં જીવને તો "માયા" પ્રેરિત દુઃખ આવે છે. જ્યારે શ્રીજી મહારાજ તો "મહામાયા" ભેદીને આવ્યા છે. પ્રકૃતિ, પુરુષ અને ઈશ્વર કોટીથી ઉપર મહામાયા આવેલ છે. તેને ભેદીને પૃથ્વી ઉપર આવ્યા છે તો તે મહામાયા જગતની માયા કરતાં વિશેષ હેરાન કરે છે. માટે સાવધાન થઈને શ્રીજી મહારાજની આજ્ઞા બરાબર પાળવી. શ્રીજી મહારાજે કોઈ નાતજાતનાં ભેદભાવ રાખ્યા વગર જેને ભગવાનમાં નિષ્ઠા હતી તેનું કલ્યાણ કર્યું છે. જુનાગઢના નવાબ અને જેતલપુરની વેશ્યા જેવાનું કલ્યાણ કર્યું છે. એક માળા ઓછી થાય, ધારણા પારણા કરી દુબળા થવા કરતાં મહારાજની સ્વરુપ નિષ્ઠા દૃઢ આશરો રાખનારને શ્રીજી મહારાજે લાડુ, દુધપાક અને શાકોત્સવમાં 'ઘી' નાં વઘારનાં શાક જમાડ્યા, મિષ્ટાન્ન જમાડીને સામો 'મોક્ષ' પણ કોઈ તકલીફ વગર આપ્યો છે. આવો દયાળુ અવતાર કોઈ થયો નથી. શ્રીજી મહારાજે સ્થાપેલ મૂર્તિઓ, શ્રી રાધાકૃષ્ણ દેવનાં દર્શન કરતાં જાણે શ્રીજી મહારાજ પોતે જ ઊભા છે તેમ માની દર્શન કરવા, અમને તો શ્રીજી મહારાજનાં દર્શન કરતાં હોઈએ તેવું લાગે છે. સત્સંગીએ કપાળમાં ચાંદલો કર્યો હોય અને પાનનાં ગલ્લે ઊભો રહે તો સમાજ જે તે વ્યક્તિને ગાળ નહીં આપે. વ્યક્તિને તો કોઈ ઓળખવાનું નથી. પણ તે ગાળ આપણાં ધર્મને પડે છે. દીકરાનાં ગેરવર્તનની અસર બાપની આબરૂ ઉપર પડે છે. આપણે પણ સત્સંગની મર્યાદામાં રહીને આપણા પ્રતાપી બાપને લાંછન ન લાગે તે જોવું. આ રીતે વિવિધ જ્ઞાનની ગહન વાતો આશીર્વાદરૂપે કહી હતી. ત્યારબાદ પૂ. લાલજી મહારાજશ્રીએ હજારોની સંખ્યામાં એકત્ર થયેલ તૃષાતુર ભક્તોને વસંતનાં વધામણારૂપે કેશરી અને લાલ રંગની ઈલેકટ્રીક પાવરવાળી આધુનિક પિચકારી વડે ચોતરફ રંગની વર્ષા કરી સૌને ભાવવિભોર કરી દીધા. જે યોગ સમાધિવાળા હશે તેને તો આકાશમાં બ્રહ્માદિક દેવો આ 'ક્ષણ' અને પ્રસંગને નિહાળવા વિમાનો લઈને આવતા દેખાય છે. શ્રીજી મહારાજ સહિત પાંચસો પરમહંસને મૂળીનાં ઉત્સવને માણી ચૂકેલા પૂર્વ સત્સંગી આત્માઓ પણ મૂળીનાં આકાશમાં મંદિર ઉપર આવીને આ દિવ્ય પ્રસંગની અનુભૂતિ કરતાં દૃષ્ટિગોચર થાય છે. ધન્ય હો આ પ્રસંગને, ધન્ય હો આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીને ફરી આવતી વસંતની રાહમાં સહુ.. સમુદાય.... પ્રસાદ લઈને વિખરાયો....

આ પ્રસંગે મૂળીના મહંત શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ સુંદર આયોજન કર્યું હતું.

(સંકલન : શુકદેવ ગઢવી, મૂળી - હાલ અમદાવાદ)



હે યુવાનો !!

- કોઠારી સ્વામી રામાનુજદાસજી

યુવાન એટલે બગીચામા ખીલતી કળીઓ
યુવાન એટલે શક્યતાના અનેક ભંડાર

તો યુવા મિત્રો ! આપણે જો આપણા જીવનમાં અને સત્સંગમાં ક્રાંતિ લાવવી હોય, નવપલ્લવિત બનાવવું હોય તો આપણી જૂની ટેવો અને જૂની કુટેવો ખંખરી નાખવી પડશે. જેમજેમતમે તમારી જૂની ટેવોને છોડી શ્રીજી મહારાજની આજ્ઞા અને સિધ્ધાંત પ્રમાણે ચાલવાની નવી રીત અપનાવતા જશો તેમતેમતમારા જીવનનો વિકાસ સત્સંગનો વિકાસ થતો રહેશે. જેથી તમારા જીવનને તમે સત્સંગ અને સમાજ માટે અસરકારક બનાવી જીવનમાં સિધ્ધિ અને સફળતાના શિખરો તરફ આગળ વધી શકશો.

સમાજમાં, સત્સંગમાં પોતાના જીવનમાં જો વિચારશીલતા વધારી જાગૃતિ લાવવી હોય તો દરેક યુવાને સત્તશાસ્ત્રોનું ઉંડુ અને સતત વાંચન કરવું જરૂરી છે. જીવનમાં આવતા પ્રત્યાઘાત રૂપી પ્રસંગોમાંથી પોતાની વૃત્તિઓને દૂર લઈ જઈ તટસ્થ પણે વિચારવાની જાગૃતિ લાવવી જોઈએ. દરેક યુાવનોમાં લાગણીઓનો આવેગ-જુસ્સો સ્વભાવિક પણે રહેલાં જ હોય છે. તેને સંત સમાગમ, શાસ્ત્રવાંચન અને સત્સંગ મંડળોમાં શિબિરોમાં ભાગ લઈ સમજણનું અંગ કેળવી કાબુમાં લઈ શકાય છે. કારણ કે લાગણીઓ પર કાબુ મેળવી સત્સંગ કરી જીવનને યોગ્ય માર્ગે વાળી પોતાના આત્માનું જ્ઞાન કેળવીને યોગ્ય સ્થાન મેળવશો તો તમારા દરેક કાર્યો સુંદર રીતે સમાજને અને સત્સંગને ખૂબજ ઉપયોગી બનશે. યુવાનોએ જીવનમાં બનતા પ્રસંગો વિષે વિચારવું જોઈએ. જીવનમાં આવતા સારા અને નરસા પ્રસંગો કેવી રીતે આવ્યા. ગમ્યા કે ન ગમ્યા - ન ગમ્યા તો તેનું કારણ શું ? તેનો વિચાર કરી સુધારો લાવવો જોઈએ. તે માટે યુવાનોમાં ખૂબજ શ્રધ્ધા હોવી જરૂરી છે. ભગવાન તરફ સમાજ-કુટુંબ અને નોકરી, વ્યવસાય તરફ જો શ્રધ્ધા ખૂટી જાય તો જીવન ખત્મથઈ જાય. કારણ તમારા મોક્ષરૂપી ધ્યેયની પ્રાપ્તિ તમે કરી શકો તે માટે સત્તશાસ્ત્રોનું વાંચન, સારા વ્યક્તિનો સંગ રાખવો - જેનામાં પ્રેમ-ધગશ તથા ખૂબજ પરિશ્રમકરતા હોય - વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવતા હોય તેવા વ્યક્તિનો સંગ રાખવો. તેમની સાથે વિચરણ કરી - સમાગમકરી સત્સંગ સમાજનું અવલોકન કરવું જોઈએ.

સત્સંગમાં શ્રીજી મહારાજની શરણાગતી સ્વીકાર્યા પછી યુવક મંડળમાં સત્સંગમાં આવતા યુવાનોએ પોતાના જીવન વિષે જાણવા માટે પોતે પોતાની જાતને જોવી પડશે. તમારા જીવનમાં સંગ કોનો છે ? સમાજમાં કુંટુંબમાં તમારા પ્રત્યે કેવી લાગણીઓ છે. સાંજ પડે અને ગામના ગોંદરે અથવા રોડ ઉપર પાનની ગલ્લા અને નાસ્તાની લારીઓના બાકડે બેસી અથવા તો રોડની લોખંડની રેલીંગો પર બેસી ગપાટા મારતા - લોકોની મશ્કરીઓ કરતા યુવાનોના જોરે ચોરી અવેરી કરતા મિત્રો ભેળા ભળો છો ? જો તમે આવા વ્યક્તિઓના સંગમાં હોય તો તમારા જીવનમાં એમની શું અસર થઈ છે ? આવા યુવાનો ભેળા ભળીને જ સત્સંગ અને ભક્તિના રંગે રંગાયેલા યુવાનો પણ રજોગુણ - તમો ગુણના વેગમાં તણાઈ જઈને કુસંગી થઈ જાય છે. તો શ્રીજી મહારાજે પ્રથમના ૨૦ માં વચનામૃતમાં કહ્યા પ્રમાણે પોતે પોતાના જીવનની તપાસ કરવી જોઈએ. પોતે પોતાના જીવન વિષે ન જોતા દુનિયા તરફ નજર ફેરવી આંગળી ચીંધે છે તેને વચનામૃતમાં નીચમા નીચ ઘેલામા ઘેલો અને મૂરખમાં મૂરખ કહેલા છે. તો યુવા મિત્રો આપણે સત્સંગમાં આવ્યા પછી જીવનમાં થતા પ્રસંગોમાં માયાના ત્રણ ગુણો રજ, તમઅને સત્વગુણ એમાંથી ક્યા ગુણનું પ્રધાનપણું રહે છે અને કેવા કાર્યો થાય છે. તે તપાસો.

દરેક યુવાનોએ ખાસ તો પોતાના જીવનમાં નવું નવું સર્જન કરવાની કળ વધતી રહે. જવાબદારી ભર્યા કાર્ય કરવાની રુચિ થાય. સતત કાર્યશીલ રહેવાનું ગમે. સત્સંગમાં વડીલો જો જવાબદારી ભર્યું કાર્ય સોંપે તો ખૂબજ હોંશથી અને ધગશથી કાર્ય કરવું ગમે. આવી રીતે દરેક યુવાને સત્સંગમાં શ્રીજી મહારાજ અને

અનુસંધાન પેજ - ૮ પર...



મૃત્યુ ભય

- સાધુ ધર્મકિશોરદાસ (પ્રયાગરાજ યુ.પી.)

मृत्यु नाम है ऐसा, भय लगे ऐसा
भय जगाओ, मृत्यु मिटाओ
भय गया, का, तो, मंगलकारी बनो
इसलिये कहता हू, भय भगाओ - मृत्यु मिटाओ

મૃત્યુ નજીક છે, મૃત્યુથી ડરો અને પાપ કરતા પોતાને રોકો નહિતર આ વાયરો એવો છે કે ક્યારે આવશે અને આપણને ઉઠાવીને લઈ જશે તેની ખબર પણ નહી પડે, એટલા માટે કહુ છું કે પાપ કરતા અટકો, આમસામાન્ય રીતે જોઈએ તો ખ્યાલ આવે કે જ્યાં સુધી આ મનુષ્યને મૃત્યુનો ભય દેખાતો નથી ત્યાં સુધી બધાય ખોટા કર્મ કરશે, જલસા કરશે, ઉન્મત થઈને ફરશે પણ જ્યાં મૃત્યુ નજીક આવશે ત્યાં તરત જ પ્રભુને ભજતો થઈ જશે અને પ્રાર્થના કરશે. બચાવો-બચાવો આમકરગરશે. પણ એ વખતે પ્રાર્થના કામલાગશે નહિ. કેમકે મૃત્યુનો ભય જ એવો છે. એક વાત તો નિશ્ચિત છે કે જ્યાં સુધી જીવાત્મા પરમાત્મા અને મૃત્યુનો ભય ના રાખે ત્યાં સુધી તો મલકાશે અને ઉન્મત થઈને ફરશે અને એને અટકાવવા માટે એને કંટ્રોલમાં રાખવા માટે પ્રભુએ મૃત્યુનો ભય આપ્યો જેનાથી માણસ પકડમાં રહે અને ક્યાંયછટકી ના જાય.

જેમ કોઈ વિદ્યાર્થીની પરીક્ષા નજીકમાં આવતી જાય તેમતેને પરીક્ષામાં નાપાસ થવાનો ભય રહે છે તેમમૃત્યુ નજીક આવતો જાય તેમતેમભય વધતો જાય.

હકીકતમાં જોવા જઈએ તો પરમાત્મા એ પરિક્ષક છે, આ દુનિયામાં જેમાં તમે રહો છો, એ "પરીક્ષા ભવન" છે. તમારૂ જીવન એ ઉત્તર પુસ્તિકા છે. અને સમય કેવળ ત્રણ કલાકનો જ છે. પ્રશ્ન પત્રો વહેંચાઈ ગયા છે. બાળપણ પુરુ થતા જ પહેલો ઘંટનાદ વાગ્યો છે - બીજો યુવાની પુરુ થતા જ વાગી ચૂક્યો છે. અને મૃત્યુનો ત્રીજો ઘંટ શીઘ્ર જ વાગવાનો છે. શું તમને નાપાસ થવાનો ભય નથી ? બસ એવી જ રીતે સતત મૃત્યુનો ભય રહે છે.

જીવનમાં જો સુખ-શાંતિ ઈચ્છતા હો તો મૃત્યુનો ભય મુકો અને એક પરમાત્માથી ડરો. જે લોકો પરમાત્માનો ડર રાખે છે તેને કોઈ દિવસ મૃત્યુથી ભય થતો નથી. પણ ખબર નથી કે આ મૃત્યુનો ભય કેવો છે કે જે એકવાર ભૂલે ચૂકે નામલેવાય તો બધાય બોલશે કે આ શું ? બોલો છો ! મૃત્યુનું નામસાંભળી અથવા જુએ તો તરત જ ભય લાગે. સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં એક વાત આવે છે કે,

એક ડોશીમાં અને એનો છોકરો બેય ભેગા ગામમાં રહેતા હતા. બધુંય સરસ હતું પણ ડોશીમાંનો છોકરો બહુજ માંદો રહેતો હતો. કેટલાય ઉપાયો કર્યા પણ કંઈજ ફેર પડ્યોનહિ. અને ડોશીમાં મનની શાંતિ લેવા માટે કથા સાંભળવા જાય. અને એક દિવસ કથામાં જમરાજાની વાત આવી કે જમરાજાનું સ્વરૂપ ભયાનક હોય છે. દેખાવમાં પાડા જેવા લાગે. હવે તો ડોશીમાંના મનમાં ગ્રંથી બેસી ગઈ કે જમરાજા પાડા જેવા લાગે.

એક વખત રાત્રીનો સમય હતો. ડોશીમાંનો ખાટલો ઓસરીમાં અને માંદા છોકરાનો ખાટલો રૂમમાં હતો. રાત્રે સૂતા હતા અને બાજુમાં પડોશીનું પાડુ ભેંસથી છુટું પડી હાલતું-હાલતું ડોશીમાં ના ખાટલા પાસે આવી ઉભું રહ્યું. પછી પોતાનું માથું ખાટલાથી ખંજોળવા મંડ્યું. એટલે ડોશીમાં જાગ્યા. એક તો ઉંઘમાં હતા અને આંખ ખોલીને જોયું તો સામે જ પાડો દેખાયો. ડોશીમાં ને તો તરત જ કથાના શબ્દો યાદ આવ્યા. અને ડોશીમાં તો મૃત્યુને જોઈ 'બી' ગયા અને કહેવા લાગ્યા કે જમરાજાજી માંદાનો ખાટલો આ નથી. એ ખાટલો તો અંદર છે. તમે અંદર જાઓ.

આ વાર્તાથી આપણે એટલું સમજવાનું કે મૃત્યુનો ભય બધાયને લાગે છે. પણ જે લોકોને ભગવાન પ્રત્યેની શ્રધ્ધા અને ભાવ છે. એ લોકોનું મૃત્યુ મંગળકારી બને છે અને જ્યારે મૃત્યુ

આવે ત્યારે એ મૃત્યુને સામેથી સ્વીકારી **Wel-Come** કરે છે. જેમ પરિક્ષિત રાજાનું જીવતું જાગતું વૃત્તાંત છે. મૃત્યુની વેદના ભયંકર છે. શરીર અને આત્મા બે જુદા થતા હોય એ વેદના અસહ્ય છે. પણ ભગવાનમાં ભાવ જાગે તો આ વેદના ભોગવવી ના પડે.

અને હા ! જીવનમાં સુખ શાંતિ જોઈતી હોય તો મોતનો અભ્યાસ કરો ! મરવાથી પહેલા એકવાર મરીને જુઓ ! ગભરાયા વગર મોતને યાદ કરવાથી તમે જલ્દી મરી નહિ જશો! પણ હા, મોતના સ્મરણથી તમારા મનમાં જે પાપ અને વાસનાઓ છે એ જરૂર મરી જશે ! પરંતુ આજનો માનવી બહુ ચાલાક છે. એ મૃત્યુનું નામપણ સાંભળવા માંગતો નથી. લગ્નના અવસરમાં અગર જો કોઈ બાળક બાળ સહજ વૃતિથી બોલે "રામનામસત્ય છે" તો પછી જો જો મજા ! દરેક વ્યક્તિ એને ફટકારશે.

- તેથી મૃત્યુનો ભય જીવનમાં અનિવાર્ય છે. જેથી આપણે પાપથી, દુરાચારથી બચીએ, બધાએ ત્યાં જવાનું તો છે જ.

- મૃત્યુ એટલે ઈશ્વરનો હિસાબ આપવા જવાનો દિવસ

- પણ એનાથી ડરે કોણ ? ભય કોને લાગે ? એ વેપારી જેના ચોપડા ચોખ્ખા ન હોય, હિસાબ બરાબર ન હોય, આડા અવળાં ચિતર્યા હોય પણ જે જીવનમાં સરખી રીતે જીવ્યો છે. એ મૃત્યુથી શું કામ ડરે ? પરીક્ષાથી કોણ ડરે ? જે વિદ્યાર્થી બરાબર ભણ્યો ન હોય, જેણે આખા વરસમાં ધ્યાન રાખ્યું ન હોય એ ડરે. જે નિયમિત રહ્યો છે એ તો રાહ જુએ. એમ મૃત્યુ એ જીવનની પરીક્ષા છે. ભલે આવે ! ક્યારે આવે અને ક્યારે પાસ થઈ જાઉ ! - અને જેણે કદી ભગવાનનું નામ લીધું નથી એ જ મૃત્યુથી ડરતો હોય છે.

એટલા માટે જ કહ્યું છે કે ભાવ જાગશે તો જ ભય ભાગશે.

પણ કેટલાક લોકો નીડર થઈને એમ વાત કરતા હોય છે જેમકે એમને કોઈનો જ ડર નથી. અને જ્યારે મૃત્યુ સામું આવીને ઉભું રહે ત્યારે ખબર પડે કે ભય લાગે છે કે નથી લાગતો મરવું મરવું બધા કરે, પણ ખરેખર મરવું પડે ત્યારે ?

ગામની ભાગોળે ડોશી છાણ ભેગું કરતા હતા. સુંડલો ભર્યો. સુંડલો માથે ચડે નહીં. આજુ બાજુ કોઈ દેખાય નહિ. ડોશી કંટાળ્યા. આ તે કઈ જીંદગી છે ? આટલી ઉંમરે આ ઢસરડા કરવા પડે ! મોતેય નથી આવતું. હવે તો મોત આવે તો સારું - આટલું બોલ્યા ત્યાં મૃત્યુ સામે આવીને ઉભું રહ્યું. લો માઁ, હું હાજર છું. શું કામ પડ્યું ? ડોશીમા ચમક્યા - હત્ તારી ભલી થાય ! આ તો હાજરા - હજુર છે. આટલા જલ્દી તો ભગવાનેય નથી સાંભળતા - ડોશી હળવેકથી હસીને બોલ્યા, 'બેટા જરા સુંડલો ચઢાવ તો ! આ તો જ્યારે મૃત્યુ સામે આવે ત્યારે ભય લાગે પણ મરવા કોઈ તૈયાર નથી.

કેમખબર નથી પડતી કે માનવીને મૃત્યુથી આટલો બધો ભય કેમ લાગે છે ?

અનુસંધાન પેજ ૬નું ચાલું...

તેમના એકાંતિક સંતો-ભક્તોને રાજી કરવા નવું સર્જન, નવી રચના કરવાનું ગમે. આવી રીતે યુવાશક્તિ જો પોતની શક્તિનો વિકાસ સત્સંગમાં કરે તો તે જીવનભર ખૂબજ ઉપયોગી થઈ પડશે.

કારણ ?

યુવાન એટલે સ્વપ્નનો શિલ્પી
યુવાન એટલે આશાઓનો મિનારો
યુવાન એટલે સત્સંગનો સૂહારો
યુવાન એટલે મહેકતું વ્યક્તિત્વ
યુવાન એટલે સંપૂર્ણ ખીલેલું ફુલ
યુવાન એટલે સત્સંગનું હૃદય
યુવાન એટલે સત્સંગનું અમૂલ્ય ધન

તો મિત્રો ! આપ ભૂલશો નહિ કે આપણા આ અમૂલ્ય પરંતુ નાશવંત મનુષ્ય દેહની ચેતન જીવનની મહામૂલી પળો ઝડપથી પસાર થઈ રહી છે જેને કોઈ જગ્યાએ કે હાટ બજારે કિંમત આપીને ખરીદી શકાય તેમ નથી. સાથે સાથે કાળ પણ ચોટલી પકડીને ઉભો છે. અમાસની રાત્રીની જેમઆવવા તલસી રહ્યો છે. પરંતુ રાત્રીના કાળાડીબાંગ વાદળમાં પણ આપણી પાસે સર્વોપરિ ભગવાન તેમના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પૂજનીય સંતો, શાસ્ત્રો અને સત્સંગીઓ છે. બસ હવે તો વીજળીના ઝબકારે મોતીમાં દોરો પરોવવાની તાકાત કેળવવાની છે. દાખવવાની છે. કારણ કીર્તનોમાં પણ લખ્યું છે કે મોંઘો મનુષ્યનો વારો ફેરફેર નહિ મળનારો, વિજળીના ઝબકારા જેવું મોતી પરોવી લેવું, સત્સંગ કીજીએ. પરંતુ અંદર રહેલી તાકાતને - અપેક્ષાઓને પશ્ચિમી સંસ્કૃતિના વાવાઝોડામાં લેવાઈને આંમળી નાખવાની નથી. કારણ આશા અને અપેક્ષાઓ તો જીવનરૂપી બાગનું અમૃત છે. પરંતુ વધુ પડતી આશા અને અપેક્ષાઓ ક્યાકેક જીવનને ઉજજડ પણ બનાવી દે છે. આત્માને ગુંગળાવી પણ નાખે છે. (ક્રમશઃ)

વચનામૃત-કરીયાણી

(ગતાંકથી ચાલુ)

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ જ્મીયતપુરા (મહંત સ્વામી, માણસા)

"હાથ અને લુગડે લાગેલા આ ડાઘ તો ધોવાઈ જશે મહારાજ ! પણ રૂદિયામાંથી એની પીડા કોઈ કાળે હળવી નહિ થાય."

"તારા રૂદિયાનો ઘા મારી જાય એવું પોતીકું ચોરે તે કોણ હતું ?"

"કોઠારમાં સેવા કરતી કાશી ડોશી મહારાજ !"

"હે ! એને તેં મારી નાખી ?"

"આપની આજ્ઞાથી પ્રભુ ....." પણ એમાં આપની આંખે પણ ઝળઝળિયા કેમઆવ્યા પ્રભુ ?

"બોરના ચોરને ફાંસીની સજા થઈ ગઈ મહારાજ,"

ભલી ભજન કરતીને સેવામાં એની જેવું કોઈ નહિ....

આપણા વિના ઈ' બાપડીને બીજો આધાર પણ કીનો હતો ? દેશકાળે લાલચ લોભમાં થોડી મતિ ભ્રમી પણ..... "ને હોત તો શું આપ તેને ક્ષમા કરી દેત ?" ક્ષમા તો શું દાદા પણ હું તો તેને ઠપકો પણ ન આપત. તેની નિષ્ઠા અને ભક્તિ સામું જોતા ઉલટાની બીજા પાસે મદદ કરાવત. તેને દુઃખે દુઃખી થઈ સત્સંગ આખાને આત્મબુદ્ધિ શીખવવાનું એક નવું સોપાન શરૂ કરત....."

"તો તેને બોલાવું મહારાજ ?"

"મુવા પછી બોલાવીને પાછા આવતા હોત તો જગત નાનું ન પડત દાદા ?"

"સગી "મા" કરતા સો ગણું ઉપરવટનું હેત હતું એને, મારો સાદ સાંભળીને તો મસાણમાંથી પણ બેઠા થાય ઈ'કાશીમા ને ઓરડેથી આવતા શી વાર ? લો સાદ પાડું"

"એટલે"

"હા મહારાજ ! જે જીભે અહોરાત્રી તમારૂ ભજન થયા કરે ને દેહે કરીને નિરંતર સંતો-હરિભક્તોની પરિચર્યા થતી હોય તેની આવડી નાની શી ભૂલ તો શું પણ તેવા ભક્ત ઉપર મારૂ ઘણું બધું ઓળઘોળ કરી નાખું. અરે ! તેને દુઃખવવાનું તમારૂ વચન પણ લોપી નાંખુ ! ત્યાં તેને મારી નાખવાની આજ્ઞા દાદાથી પળે ખરી ? ઈ' તો મન મનાવવા ડોશીને ઓરડે પુરી પાણીમાં ધોળેલા કંકુ વરણા હાથ કરી તમારી સામે આવીને ઉભો તો મહારાજ !" અને તે દિવસે દાદા ખાચરની જીવનભરની કમાણી એક સાથે ઉભરાઈ ગઈ હોય એથી અનંત ઘણો મહારાજનો રાજીપો દાદા ઉપર ઠલવાઈ ગયો હતો. આ પ્રસંગને માત્ર ગાવા સાંભળવાને કથા પ્રસંગે સભામાં મનોરંજન પુરૂ પાડવા કે પ્રભાવ પાડવા પુરતો સિમિત ન રાખતા. જીવનની બુનિયાદી સમજણનો પાયો બનાવી તેના પર આત્મીયતાના સત્સંગની ઈમારત ચણીએ. જેથી તેમાં મહારાજનો કાયમી મુકામ થઈ જાય. હરિવર ઉપદેશામૃતમાં વદે છે કે, "અને જે ભગવાનના મહિમાને જાણતો હોય તે તો ભગવાનના સંબંધને પામ્યા એવા જે પશુ-પક્ષી તથા વૃક્ષ વેલી આદિક તેને પણ દેવ તુલ્ય જાણે. તો જે મનુષ્ય હોય ને ભગવાનની ભક્તિ કરતા હોય તથા વર્તમાન પાળતા હોય તથા ભગવાનનું નામસ્મરણ કરતા હોય ને તેને દેવ તુલ્ય જાણે ને અવગુણ ન લે તેમાં શું કહેવું ? મનુષ્ય દેહધારી ભક્ત સમુદાય તમામને વિશે મનુષ્ય પણાના ભાવ તો હોય જ, પણ તેને હશે, કરીને નજર અંદાઝ કરી પ્રભુ શીખવે છે."

સ્થુળ દેહથી કોઈ લૂલા-લંગડા - બાડા - બહેરા - બોબડા, કોઢીયા કે કાળા કુબડા પણ હોય, તેમસુક્ષ્મદેહમાં તો કામ, ક્રોધ, લોભ મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, ઈર્ષ્યા, અસુયા, સ્નેહ, સ્વાદ, માન આદિ અનંત જાતના અંતરશત્રુઓનો ખદખદાટ સૌને ચાલ્યા જ કરતો હોય. પણ ત્રણ દેહમાં ત્રણ ગુણ અને ત્રણ અવસ્થાના વિક્ષેપો સમયાંતરે સૌ કોઈને વિક્ષેપ કરતા જ હોય છે. કોઈને એક તો કોઈને બીજું, પણ જ્યાં સુધી બ્રહ્મરૂપ નથી થયા ત્યાં સુધી સૌ કોઈ આવા વિક્ષેપોથી બાધિત છે જ, આપણે પોતે પણ તેનાથી હજુ ક્યાં અલિપ્ત થયા છીએ ? માટે હશે, કુહેતા શીખી જશે તે મેદાન મારી જશે. ઋજુ હૃદયનો માનવી હિમાલયને પણ ઓગાળી શકે છે. માટે આ સત્સંગમાં અતિશય ગરીબપણું પકડવું. નદીમાં ઘોડાપુર આવે ને કિનારે વસેલા ગામોના ગામો તારાજ થઈ જાય, વરસો જુના અડીખમવૃક્ષો પણ ધરાશાયી થઈ વહેણમાં તણાઈ જાય. જ્યારે સાવ કિનારે ચોંટેલી ઊંડા મૂળ વિનાની ઘાંસ જેવી ધરો સુરક્ષિત બચી જાય

છે. કારણ કે તેને નીચા નમી જતા આવડે છે. લાખો કરોડો ગેલન પાણી નમેલી ધરો ઉપરથી પસાર થઈ જાય ને પુર શમી જાય ને ધરો પાછી બેઠી થઈ જાય. બસ સત્સંગ આખામાં સંતોએ હરિભક્તોને નમી દેવું. પણ ત્યાં ભગવાનનું માન આડું આવવા દેવું નહીં અને હરિભક્તોએ સંતોના વચને જીવીતવ્ય કરી રાખવું. ત્યાગીએ ત્યાગીમાં પણ અને ગૃહસ્થોએ ગૃહસ્થોમાં પરસ્પર મહિમા ભરી નજરૂથી હેત વરસાવતા રહેવું. ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં ૧ પ્રકરણની ૩૨ મી વાતમાં કહ્યું છે કે, "ત્યાગ, વૈરાગ્ય, નિયમને ધર્મની કેટલીક વાત કરીને સ્વામી બોલ્યા જે, ત્યાગી, વૈરાગ્યને શું કરવા છે ? ગમે તેવો જીવ હશે પણ ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગી છે ને તે વિના તો ગમે તેટલી ભક્તિ કરે તો પણ શું ને કૃપાએ કરીને અખંડ મૂર્તિ દેખે તો પણ શું ? માટે ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ છે. ને સત્સંગ તો રાત્રી-પ્રલય સુધી કરુ ત્યારે થાશે, પછી તેને દેશકાળ નહિ લાગે એવો સત્સંગ કરવો છે...."

ભગવાન અને મોટેરા સત્પુરુષોનો હૃદયગત અભિપ્રાય અહીં આવીને જ અટકે છે. સમગ્ર સત્સંગનું સત્વ કાઢીને આજે સૌને હિતકારી, લાભકારી, આ વાત કરી છે તે ભલા થઈને સૌ રાખજો. આગળ જતા પ્રભુ કહે છે કે, "માટે ભગવાનનો મહિમા સમજે તેને ભગવાનના ભક્ત સંગાથે વેર ન બંધાય. અને જે માહાત્મય ન સમજે તેને તો ભગવાનના ભક્ત સંગાથે વેર બંધાય ખરૂ ? માટે જે ભગવાનનું તથા ભગવાનના ભક્તનું માહાત્મ્ય ન જાણતો હોય ને તે સત્સંગી છે તો પણ તેને અડધો વિમુખ જાણવો. અને ભગવાનનો ને ભગવાનના ભક્તનો જે મહિમા સમજે તેને જ પૂરો સત્સંગી જાણવો," અહીં પૂર્ણતાના આરે આવીને પણ ફરી પાછો એ જ ઓડકાર ખાય છે. ભગવાનનો મહિમા હોય ત્યારે જ તે સત્સંગી થયો હોય, પણ જો ભક્તોનો મહિમા નથી તો તેને અડધો સત્સંગી નહીં પણ અડધો વિમુખ કહ્યો. સત્સંગ તરફ અડધો આગળ વધ્યો છે ત્યાંથી પાછો વળીને સત્સંગી મટીને વિમુખના માર્ગે અડધો આગળ નીકળી ચૂક્યો છે તે થોડા સમયમાં પુરેપુરો વિમુખ થનાર છે. એવું સમજાવવાનું મહારાજનું હાર્દ છે. માટે ભક્તોના મહિમા સભર મહારાજની ભક્તિ એ જ આપણી જીવાદોરી છે. સત્સંગ આખું એક પરિવાર અને મહારાજનું શરીર છે. પ્રત્યેક આશ્રિત મહારાજના રૂંવાડા છે. તે એક રોમકાળુ હોય, ધોળુ પાપણનું હોય કે શીખાનું પણ છે. મહારાજનું એટલે પ્રસાદીનું મહિમાએ સહિત શિરોમાન્ય ગણી સૌને નમતા રહીએ. હેતના દાવે સૌને સહેતા રહીએ. એજ ખરેખરો લાભમલાભ છે. લઈ લઈએ-માણી લઈએ તો ભેટમભેટા નહિ તો ભલે ભગવાનની સોડમાં પડ્યા પણ છે તો છેટમછેટા.....

(ઈતિ. કા.-૯ પુરુ)


લેખકોને નમ્ર સૂચન

આપણા શ્રી સ્વામિનારાયણ માસિકમાં આપણા વિદ્વાન સંતો અને વિદ્વાન લેખકો સુંદર, મનનીય અને જ્ઞાન સભર લેખો લખે છે. જે સૌને રૂચિકર હોય છે.

પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે જેમને લખવાનો મહાવરો ન હોય, શાસ્ત્રોનું - સંપ્રદાયનું ઉંડું જ્ઞાન - સમજણ ન હોય તેમણે લેખ લખીને મોકલવા નહીં. આપણું મેગેજીન દેશ-વિદેશમાં લાખો વાંચકો અને સભ્યો ધરાવે છે. ઘણા અન્ય સામાયિક પુસ્તકનો આખે આખો ઉતારી કરીને લેખ લખી મોકલે છે. તે સૌને અમારૂં નમ્ર સૂચન છે કે તેમણે સત્સંગનો - શાસ્ત્ર નો અભ્યાસ કરીને લખવાનો પ્રયાસ કરવો. અન્યથા લેખ મોકલવા નહીં. આપ સૌ અમારા આત્મીય અને સત્સંગના સગા છો. જેથી નમ્ર સૂચન કર્યું છે. - *(સંપાદકશ્રી)*

ગત ફેબ્રુ-૨૦૦૮ ના અંકમાં ભક્તિ સુધા વિભાગમાં પેજ નંબર ૨૨ "મહારાજની મૂર્તિનું ધ્યાન" લેખક દિશાબેન હિતેશભાઈ રાઠોડ આ લેખિકા બહેને ગાંધીનગર શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર-૨ પૂ. ધ્યાની સ્વામીના શિષ્ય દ્વારા લખાયેલ 'ધ્યાન' પુસ્તિકાનો સીધો ઉતારો કર્યો છે. જે યોગ્ય નથી અને ગુનાને પાત્ર છે. લેખિકા બહેનને પણ સૂચન કે તેઓએ આ રીતે ક્યારેય લેખ લખીને મોકલવા નહીં. તેનું ખાસ ધ્યાન રાખવું.

ગત ફેબ્રુ-૨૦૦૮માં એપ્રોચ મંદિરના શાકોત્સવના યજમાન શરત ચૂકથી લખાયેલ પરંતુ યજમાન પ.ભ. હરજીભાઈ વાલજીભાઈ માણીયા રહ્યા હતા.



- સાધુ વ્રજભૂષણદાસજી ગુરુ સ્વામી શ્યામસુંદરદાસજી (મૂળી)

શ્રધ્ધા વાન્ લભતે જ્ઞાનમ્ ।


શ્રધ્ધાથી જ આપણને સાચું જ્ઞાન થાય છે. જો આપણને ભગવાન પ્રત્યે સાચી શ્રધ્ધા હોય તો આપણને ભગવાન ઓળખાય છે. અને જેને જેને ભગવાન ઓળખાયા છે. તેને તેના જીવનમાં કશી જ ખામી રહેતી નથી.

કોઈપણ આધ્યાત્મિક સત્કર્મમા શરૂઆત થી જ ત્રણ વસ્તુ ની જરૂર પડે છે. એક પ્રીતિ, બીજો વિશ્વાસ અને ત્રીજી શ્રધ્ધા. જેમાં આપણ ને પ્રીતિ હોય અને તેનું નામ સાંભળીએ તો તુરંત આપણે એની પાસે જઈએ છીએ. અને તેનામાં વિશ્વાસ હોય તો તેનું કહેલું આપણને સત્ય મનાય. પરંતુ શ્રધ્ધા ન હોય તો તે જે કહે તે પ્રમાણે વર્તન થાય નહિ. અને એ સત્કર્મનું ફળ મળે નહિ. માટે કોઈ પણ સત્કર્મમાં શ્રધ્ધા અનિવાર્ય છે.

આપણે શ્રધ્ધા શું છે એ સરળ દ્રષ્ટાંતથી સમજીએ.

એક ગામહતું. ત્યાં એક પવિત્ર બ્રાહ્મણ રહેતો હતો. તેનો સવારનો નિયમએવો હતો કે તે સવારની પૂજા વિધિ પતાવી ને ત દરરોજ ગામના પાદરે નદી હતી ત્યાં સૂર્ય નારાયણદેવને અર્ધી આપવા જતો અને કેડ સુધી પાણીની અંદર રહી પ્રાણાયામકરતો અને બનતું એવું કે એજ સમયે એક ભરવાડ ઘેટા, બકરા લઈને ચારવા જતો અને આ બાજુ બ્રાહ્મણ પ્રાણાયામ દરરોજ કરતો હોય. એ ભરવાડ ને મનમાં થતું કે આ ભામણ દરરોજ નાક દબાવીને શું કરતો હશે. એ પૂછું પૂછું કરતો પણ હિંમત ચાલતી નહિ. અને એક દિવસ હિંમત કરી પૂછી લીધું કે ભૂદેવ આ તમે દરરોજ પાણીમાં ઊભા ઊભા નાક દબાવી ને શું કરો છો ? ત્યારે બ્રાહ્મણને થયું કે આ ભરવાડ ને હું પ્રાણાયામનું કહીશ તો ખબર નહીં પડે. માટે મારે આ ભરવાડને સાદી ભાષામાં સાદી રીતે સમજાવવો પડશે. એવો વિચાર કર્યા પછી બ્રાહ્મણે કહ્યું કે આમપાણીમાં ઊભા ઊભા નાક દવાબી એ તો ભગવાન દર્શન આપે. તો ભરવાડે તરત જ પૂછ્યું કે તમને ભગવાન દર્શન આપે છે ? ત્યારે બ્રાહ્મણ કહે હા, મને દરરોજ દર્શન આપે છે. તો ભરવાડ બોલ્યો હું આવું કરૂ તો મને પણ દર્શન આપે. બ્રાહ્મણ કહે હા, આપે. પછી તો ભરવાડ જતો રહ્યો. અને બીજા દિવસે ઘેટા બકરા ચારવા જવાનું બંધ રાખ્યું અને ઉપડ્યો નદીએ અને પહેલા તો નદીમાં નાહી લીધું. ત્યાં બ્રાહ્મણ પણ આવી ગયો. અને ભરવાડને પૂછયું અહીં શું કરે છે? તો ભરવાડે જવાબ આપ્યો કે ભગવાનના દર્શન કરવા આવ્યો છું. પછી તો બ્રાહ્મણે પોતાનો નિત્ય ક્રમશરૂ કરી દીધો અને થોડે છેટે ભરવાડ પણ નાક દવાબીને ઉભો રહ્યો. એને પાકી શ્રધ્ધા હતી કે ભગવાન દર્શન દેવા આવશે. અને શ્વાસ લેવાનું બંધ કરીને નાક દબાવીને ઊભો રહ્યો. અંતે તો ભરવાડની જાત ને એટલે જડની જેમનાક દબાવી ને ઊભો રહ્યો. શ્વાસ લેવા નો તો સાવજ બંધ કરી દીધો ! ઉપર ભગવાન નારાયણને ચિંતા થઈ કે હવે આને દર્શન દેવા જવું જ પડશે. કેમકે આને શ્રધ્ધાથી વિશ્વાસથી આ કાર્ય કર્યું છે અને નહી જાઉ તો મારો ભરવાડ ભક્ત મરી જશે. અને છેવટે ભરવાડને દર્શન દીધા ! અને ભગવાનના દર્શન થતાની સાથે જ વેદના સૂત્રો સ્તુતિઓ બોલવા માંડ્યો ! ભગવાને અભય વર આપ્યું. પછી ભરવાડ તો ઘરે જતો હતો. ત્યાં બ્રાહ્મણે પૂછયું કે તને વેદ-સ્તુતિ આવું બધું કોણે શિખવાડ્યું અને વાતો કોની સાથે કરતો હતો. ત્યારે

અનુસંધાન પેજ - ૧૪ પર...



વિશ્વમાં અપ્રતિમ, અદ્વિતીય અને ઐશ્વર્યસભર શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

પ્રો. સૂર્યકાંત ભટ્ટ (ભુજ-કચ્છ)

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનો દિવ્ય પ્રતાપ આજે જગતમાં સર્વત્ર પ્રસરેલો છે, તેઓશ્રીના અવતારી કાળ દરમ્યાન તેઓશ્રીએ ઉપયોગમાં લીધેલી અનેક ચીજ વસ્તુઓ વસ્ત્રો, માળા, ચાખડીઓ, વાસણો, કંઠી, ખેસ, પલંગ, રજાઈ, ગાદલાં, તકિયાં, કામળી, શાલ, ધોતિયાં, પીતાંબર આદિમાં તેઓશ્રીના દિવ્ય સ્પર્શના સુસ્પંદનો આજે પણ દિવ્યતા રેલાવી રહ્યા છે. આવી શ્રીજીમહારાજે ઉપયોગમાં લીધેલી ચીજ વસ્તુઓને પ્રસાદીની ચીજ વસ્તુઓ તરીકે ઓળખવામાં આવે છે. આવી પ્રસાદીભૂત ચીજ વસ્તુઓ સંતો તથા ગૃહસ્થ અનુયાયીઓને વંશ પરંપરાગત રીતે પ્રાપ્ત થયેલી હોય છે. આ ફાની વિશ્વમાં અસંખ્યાત વંશના શાસકો શાસન કરી ગયા. તેમની અનેક ચીજ વસ્તુઓ ખાસ કરીને તેમના સોના ચાંદીના સિક્કા, તેમના શસ્ત્રગારના તલવાર, બંદૂક, તમંચા, ઢાલ, તોપ, જેવા શસ્ત્રો બખ્તર, તેમની કલાત્મક ચીજ વસ્તુઓ, સંગીતના સાધનો, તે સમયના કાચના રંગબેરંગી ઝુમ્મરો, હાંડીઓ આદિ જગતમાં ઠેર ઠેર મ્યુઝિયમોમાં સંગ્રહાયેલા છે. આમમ્યુઝિયમએટલે સંગ્રહસ્થાન. હવે તો અનેક પ્રકારના સંગ્રહાલયો જોવા મળે છે. વાહનવ્યવહાર અને સંદેશા વ્યવહારના સાધનોના મ્યુઝિયમ, માટી કામ, ચર્મ કામ, કાંસ્ય કામના મ્યુઝિયમ, કાષ્ઠ કલાકૃતિના મ્યુઝિયમપરંતુ તેમાં ભગવાનના દિવ્ય સ્પર્શ - ઐશ્વર્યના દર્શન થતા નથી. સત્સંગમાં જે લોકો પાસે ભગવાનની આ પ્રસાદીભૂત ચીજ વસ્તુઓ છે તેઓ જણાવે છે કે, "જીવનમાં કઠણ કાળ આવે, રોગાદિક વ્યાધિ આવે ત્યારે આ પ્રસાદીની વસ્તુને સ્પર્શીને શ્રીહરિને પ્રાર્થના કરીએ કે તરત જ ગમે તેવો કઠણ કાળ કે મહા વ્યાધિ પરિવારજનોને આવ્યો હોય તે ક્ષણભરમાંજ દૂર થઈ જાય છે.

પૂજ્ય મોટા મહારાજશ્રીનો સંકલ્પ : પરમપૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી જણાવે છે કે, "શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન ઉપર તા. ૧૩ ઓકટોંબર ૧૯૬૯ ના રોજ પદારૂઢ થયા પછી (અને લાલજી મહારાજ તરીકે તે પહેલાં પણ) સર્વાવતારી શ્રીહરિએ અમારા તમામ સંપ્રદાયની પુષ્ટિ વૃદ્ધિ અર્થે થયેલ શુભ સંકલ્પો (હરિ મંદિરો, શૈક્ષણિક સંકુલો અને નરનારાયણ દેવ પીઠસ્થાન સાથે સંલગ્ન ગુરુકુળો, પ્રકાશનો ઈત્યાદિ) પુરા કર્યા છે. હવે એક માત્ર ઈચ્છા જે છેલ્લા ત્રણ ચાર વર્ષમાં ઉદ્‌ભવી હતી તે બાકી છે. એ છે સર્વાવતારી શ્રીહરિની પ્રસાદીની વસ્તુઓનું ભવ્ય સંગ્રહસ્થાન. આ અપ્રાપ્ય દુર્લભ અલૌકિક વસ્તુઓની જો કાળજીપૂર્વક જાળવણી નહીં કરવામાં આવે તો વેડફાઈ જશે. તેનો નાશ થઈ જશે અથવા અયોગ્ય ખરીદદારો પાસે વેંચાઈ જશે.

અમારો આ સંકલ્પ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં કરબધ્ધ પ્રાર્થના સહ અમે રજુ કર્યો. આપણા મંદિરની સ્કીમકમિટિએ તેમજ સૌ નાના મોટા સંત હરિભક્તોએ તેને વધારી ખૂબજ સારો પ્રતિભાવ આપ્યો. કેટલાક સંત હરિભક્તો પાસેથી તો તેમની પાસે રહેલ પરંપરામાં આવેલ પ્રસાદીની કિંમતી ચીજ અમને આ સંગ્રહસ્થાનમાં પધરાવવા માટે પણ અર્પણ કરવાનું શરૂ કરેલ છે."

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું સ્થળ : આ ભવ્યાતિભવ્ય સંગ્રહ સ્થાન આપણા અમદાવાદ મંદિરની માલિકીના નારાયણપુરા વિસ્તારમાં આવેલ વિશાળ જમીન (૩૦ હજાર વારમાં) સાકાર થઈ રહ્યું છે. પૂજ્ય તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ટાઢ - તડકો કે રાત દિવસ જોયા વિના અહર્નિશ આ

મ્યુઝિયમની કામગીરી આ ૬૪ વર્ષની જૈફ વયે યુવાનોને પણ શરમાવે તેવી અદમ્ય સ્ફૂર્તિથી કરી રહ્યાં છે. જે નાના મોટા સૌ માટે પ્રેરણાદાયી અને ઉત્સાહ પ્રેરક છે. તેઓશ્રી કહે છે કે, "આ મ્યુઝિયમના પાયામાં એક પ્રકારના દર્શનને ઉજાગર કરવાનો હેતુ છે. ભગવાને ઉપયોગમાં લીધેલી ચીજ વસ્તુઓ એક જગ્યાએ ભેગી કરવી તે સ્થૂળ અર્થમાં આ મ્યુઝિયમનું નિર્માણ નથી થઈ રહ્યું. આ મ્યુઝિયમસ્વામિનારાયણ ભગવાનના ઉપદેશ અને વિચારને બળ આપશે."

મ્યુઝિયમનિર્માણ પ્રેરક બળ : પરમપૂજ્ય પૂર્વાચાર્ય મહારાજશ્રી ઉપદેશે છે કે, "આ મ્યુઝિયમનિર્માણના કેન્દ્રમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના હસ્તાક્ષર વાળો જે પત્ર છે તેમાં અમને વિશેષ રસ છે. આ પત્ર આશરે ૩૦ વર્ષ પહેલા મળ્યો પણ અમારી પાસે આ પત્ર આઠેક વર્ષથી છે. ૧ રૂપિયાના સરકારી સ્ટેમ્પ પેપર ઉપર તા. ૨૯ માર્ચ ૧૮૨૫ ના રોજ પોતાના જ હસ્તાક્ષરમાં લખાયેલા અને સ્વયં પોતે જેમાં સહી કરેલ છે. અંગ્રેજ અમલદારની રૂબરૂ અને સાક્ષીઓ સહિત લખાણ છે. જમીનના હક્ક ભગવાનને સોંપ્યા તેની પાવર ઓફ એટર્ની કરી છે. આ પત્રના અંતમાં ભગવાનની સહી છે. કુબેરદાસની સહી છે. ભગવાને જે સહી કરી છે તે અને આ દસ્તાવેજમાં જે લખાણ કરવામાં આવ્યું છે તે સ્વામિનારાયણ ભગવાને પોતેજ કર્યું છે. મ્યુઝિયમનું નિર્માણ કરવાનો વિચારતો વર્ષોથી હતો પરંતુ જ્યારે આ પત્ર અમને મળ્યો ત્યારે એ નિર્માણ કાર્યનો વિચાર દ્રઢ થયો. અને તેને મૂર્ત સ્વરૂપ આપવાનું નક્કી કરાયું."

મહાન પદ ત્યાગ : પૂજ્યપાદ મહારાજશ્રી આલેખે છે કે, "લગભગ બે દાયકા પહેલા સત્સંગમાં વિચરતાં એક સંકલ્પ થયો. કેટલાક સત્સંગીઓના ઘરમાં તેમજ કેટલાક મંદિરોમાં પણ સર્વાવતારી શ્રીહરિની પ્રસાદીની ચીજ વસ્તુઓ ચરણારવિંદ ઈત્યાદિની દુર્દશા જોઈ. આ નિહાળી સંકલ્પ એક સ્વપ્રમાં પરિવર્તિત થયો. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું આ સ્વપ્ર હતું. જે સંપ્રદાયના સર્વોચ્ચપદ (આચાર્ય પદ) ઉપર વિચરણમાં વ્યસ્ત રહી શક્ય નહોતું. યુવાન, ઉત્સાહી, વ્યવહાર કુશળ અને કાર્યદક્ષ ચિ. લાલજી મહારાજ (હાલના ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી) ને સંપ્રદાયનું સુકાની પદ ગ્રહણ કરવા સમજાવવા એ એકજ ઉપાય હતો. જ્યારે અમે સમજાવ્યું કે, અમે આ પવિત્ર કાર્ય કરવાજ અમો નિવૃત થવા ઈચ્છીએ છીએ. ત્યારે અમે સમજાવવામાં સફળ થયા." આ વિશાળ કાર્ય માટે પરમપૂજ્ય તેજેન્દ્રપ્રસાદજી મહારાજે મહાન પદનો ત્યાગ કર્યો.

મ્યુઝિયમની વિશિષ્ટતા : આ મ્યુઝિયમનિર્માણની કામગીરી ઈ.સ. ૨૦૦૫ થી શરૂ થયેલી છે. ઈ.સ. ૨૦૧૦ સુધીમાં આ પ્રોજેકટ પૂરો થાય તેવી સંભાવના છે. આ મ્યુઝિયમની એક વિશિષ્ટતા એ છે કે, તેમાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરાશે. સમગ્ર વિશ્વમાં વસતા લોકો અહિં આવીને સ્વામિનારાયણ સંપ્રદાય વિષે વિગતવાર માહિતી મેળવી શકશે. એક મોટો સેન્ટ્રલ હોલ તૈયાર થઈ રહ્યો છે. જેમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા સંપ્રદાય વિષે ટૂંકી ફિલ્મબતાવવામાં આવશે. અહીં વિવિધ પ્રકારે જે માહિતી રજૂ કરાશે તે માહિતી ગુજરાતી ઉપરાતં અંગ્રેજી ભાષામાં પણ રજૂ કરાશે. આ મ્યુઝિયમમાં સત્સંગીઓ તરફથી ઘણા પ્રસાદીના વસ્ત્રો મળ્યા છે. ઉપરાંત ભગવાને વગાડેલી વાંસળી, ભગવાને કોઈ ભક્તજનને બાંધેલી રાખડી, જામાવાળી શાલ તથા કાશ્મીરી શાલ પણ છે. આ ઉપરાંત ગ્રંથો, માળા, પૂજા, ચરણારવિંદો, કળશ, પાદુકા આદિ અનેક વસ્તુઓ પ્રાપ્ત થઈ છે. જેમણે પ્રસાદીની ચીજ વસ્તુઓ મ્યુઝિયમમાટે ભેટ ધરી છે તેમના નામો પણ આલેખવામાં આવશે.

દર્શનાર્થીઓ માટે સુવ્યવસ્થા : મુલાકાતીઓ માટે મ્યુઝિયમનાં પ્રાંગણમાં નાનો ગાર્ડન બનાવવામાં આવશે. વેઈટીંગ રૂમતથા ટોયલેટ અને વોટરરૂમની વ્યવસ્થા કરવામાં આવેલી છે. એક મેડીટેશન હોલ પણ તૈયાર થઈ રહ્યો છે. ઉડીને આંખે વળગે તેવી વાત તો એ છે કે, હેન્ડીકેપ વ્યક્તિ વ્હીલચેર દ્વારા સમગ્ર પ્રદર્શન શાંતિથી નિહાળી શકે તેવી સુવ્યવસ્થા કરવામાં આવી રહી છે.

ખર્ચ અને દાનનો પ્રવાહ : પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી સત્સંગ અભ્યુતાર્થે એશિયા, આફ્રિકા, અમેરિકા, યુરોપ આદિ દેશોમાં અનેક વખત વિચર્યા છે. પરંતુ ક્યારેય પણ કોઈ નવસંસ્કરણ કે મંદિર નિર્માણ અર્થે એક પૈસાની માંગણી કોઈ પાસે કરી જ નથી. આ પ્રોજેકટ પછવાડે અંદાજે પંદર કરોડ રૂપિયા ખર્ચ થવા આવ્યો હોવાનો અંદાજ છે. લગભગ ચાળીસ ટકા જેટલું કાર્ય પરિપૂર્ણ થયેલું છે. કુલ ખર્ચ ૩૫ થી ૪૦ કરોડ થવા સંભવ છે.

ભગવાનના આ સત્તકાર્યમાં દાનનો પ્રવાહ શ્રીહરિ સ્વયં વહેડાવતા હોય તેવા અનેક ચમત્કારિક પ્રસંગો બનતા રહે છે. નારાયણપુરાની એક સત્સંગી વિધવાબાઈને એક અદ્‌ભુત સ્વપ્ન આવેલું અને તે બહેને રૂપિયા પાંચહજારની રકમઆ મ્યુઝિયમમાટે ઓફિસમાં આપી. અમેરિકાના એક દાતા પ્રથમરૂ।. ૫૧ લાખ આપવાના હતા તેમણે રૂ।. એક કરોડનું દાન આપ્યું. પંચોતેર વર્ષના એક મીલ મજૂર ભક્તે તેમની બચતમાંથી રૂપિયા પાંચ હજાર આપ્યા. તેમને શ્રીહરિએ પ્રેરણા કરેલી. પિસતાળીસ વર્ષના એક સત્સંગીભાઈ અમદાવાદ મંદિરના રંગમહોલના ઘનશ્યામમહારાજ પાસે અવાર નવાર ભજન ગાય છે. તેમણે જણાવ્યું કે, "મને આ મ્યુઝિયમમાટે રૂપિયા પચ્ચીસ હજારનું દાન કરવા ઘનશ્યામમહારાજે પ્રેરણા કરી અને મેં મારા પ્રોવિડંડફંડ માંથી રૂપિયા આ સત્તકાર્ય માટે આપ્યા ત્યારે મને આત્મામાં ખૂબજ શાંતિ થઈ. ઘાટલોડિયા વિસ્તારમાં સીવણકામકરી ઘરનું ગુજરાન કરનાર બહેને પણ સ્વેચ્છાએ યથાશક્તિ ફાળો આપવામાં પાછી પાની કરી નથી. આવા અનેક પ્રસંગો બનતા આવ્યા છે.

પરમપૂજ્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી કહે છે કે, "અનંતકોટિ ધામોના અધિપતિ, સર્વોપરિ સર્વાવતારી શ્રીહરિનું જ આ કાર્ય છે. અમને દ્રઢ વિશ્વાસ છે કે, તેઓજ ક્ષણે ક્ષણે અમને આર્કિટેક, ઈજનેર, બિલ્ડર અને દાતાઓને પ્રેરણા કરતા રહેશે. સંપૂર્ણપણે અમદાવાદ શ્રી નરનારાયણદેવ તાબાનું - માલિકીનું આ મ્યુઝિયમથશે. નાનામાં નાના કે મોટામાં મોટા સૌની તન, મન, ધનની સેવા આ આયોજનમાં અમારે લેવાની છે. કોઈ દબાણ વગર સાચા અંતરના ઉમળકાનું દાનજ આ મ્યુઝિયમને સત્વરે સાકાર કરશે. દાતાઓ ઉપર સર્વાવતારી શ્રીહરિ અને સ્વયં પોતે પધરાવેલું પોતાનું જ સ્વરૂપ એવા શ્રી નરનારાયણદેવ ખૂબજ રાજી થવાના છે. જેની અમે અંતઃકરણપૂર્વક ખાત્રી આપીએ છીએ."

જે શુભ અને અદ્‌ભુત કાર્ય માટે પરમપૂજ્ય મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજીએ આચાર્યપદેથી નિવૃત્તિ લીધી હોય અને રાત દિવસ આ મ્યુઝિયમને સર્વાંગ સુંદર અને ચિરંજીવ બનાવવા સતત પ્રયત્નશીલ હોય ત્યારે આપણે પણ આ ઉમદા કાર્યમાં તન, મન, ધનથી જોડાઈ કૃતાર્થ થઈએ એજ આપણું સદ્‌ભાગ્ય ગણાશે.

અનુસંધાન પેજ ૧૧નું ચાલું...

ભરવાડે કહ્યું કે તમે જ કહ્યું હતું કે નાક બંધ કરવાથી ભગવાન દર્શન આપે છે. એટલે મેં એવું કર્યું તો મને પણ ભગવાને દર્શન દીધા ! ત્યારે બ્રાહ્મણ વિચારવા લાગ્યો કે મારી પેઢીઓ ઘસાઈ ગઈ તોય ભગવાનના દર્શન ન થયા અને આ ભરવાડે એક જ દિવસમાં પ્રાપ્ત કરી લીધા ! ધન્ય છે. તારી શ્રધ્ધા ને ?

તો આપણને આની પરથી શીખ મળે છે કે આ તો ભરવાડ હતો. પણ એની શ્રધ્ધા સાચી હતી તો એને ભગવાનના દર્શન થયા. માટે કોઈ પણ સત્કર્મ કે ધર્મકાર્ય કરતા હોય અને એમાં ભગવાન પ્રત્યે સાચી શ્રધ્ધા હોય તો આપણું કામ ચોક્કસ થાય છે.

સત્સંગિજીવનના બીજા પ્રકરણના ૧૦ માં અધ્યાયમાં ૨૭ માં શ્લોકની ટીકામાં લખ્યું છે કે,

"शास्त्रीये श्रेयः साधने विश्वासपूर्विका त्वरा श्रध्धाः"

અર્થ : શાસ્ત્રોમાં કહેલા મોક્ષકારક સત્કર્મો વિશ્વાસ પૂર્વક કરી લેવાની જે ત્વરા (ઉતાવળ) તેને જ શ્રધ્ધા કહેવામાં આવે છે. પ્રીતિથી સમીપે જવાય છે. વિશ્વાસથી સંશય રહિત થવાય છે. અને શ્રધ્ધાથી તૂર્તજ આચરણમાં મૂકી શકાય છે.

સ્વયં ભગવાને વચનામૃતમાં શ્રધ્ધાને પોષણ આપ્યું છે. સાળંગપુરના ૧૮ માં વચનામૃતમાં કહ્યું છે કે જે શ્રધ્ધાવાન પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતના વચનને વિષે શ્રધ્ધાવાન થાય તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન અને ભક્તિ આદિક કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રકટ થઈ આવે છે. અને કામક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે. તથા ગઢડા મધ્ય પ્રકરણના ચોથા વચનામૃતમાં કહ્યું કે અખંડ ચિંતવન થાય એવી શ્રધ્ધા જોઈએ. અને જ્યારે એવી શ્રધ્ધા ન હોય ત્યારે તેટલું માહાત્મ્ય જાણ્યામાં પણ ઓછયપ છે. માટે શ્રધ્ધા હોય તો જ ભગવાનનું અખંડ ચિંતવન થાય છે. માટે અંતમાં આપણે શ્રધ્ધાનો મહિમા જેટલો ગાઈએ એટલો ઓછો છે. માટે અમદાવાદ નિવાસી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરીએ કે દિવસે ને દિવસે ભગવાનમાં આપણી શ્રધ્ધા દ્રઢપણે વધતી રહે.



"જન મન રંજન કરવા,
હરિ આવિયા વેલાલ્ય"

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

અમદાવાદથી માત્ર ૨૦ કિ.મી. દૂર આવેલું વહેલાલ ગામ. એક એવું રળિયામણું અને નિરાળું ગામછે, જ્યાં શ્રીહરિએ અપાર લીલાઓ કરી છે. શ્રીહરિ જ્યારે જ્યારે અમદાવાદ આવ્યા, ત્યારે ત્યારે વહેલાલ ગામપણ આવ્યા છે અને પોતાના પુનિત પદારવિંદોથી વહેલાલ ગામતથા તેમાં વસતા શ્રીહરિ પ્રત્યે અઢળક સ્નેહ ધરાવતા ભક્તજનોને પાવન કર્યાછે.

અને વળી શ્રીજી સમકાલીન એ હરિભક્તો પણ એવા નિષ્ઠાવાન અને ભાગ્યશાળી હતા કે એમણે પોતાનો મોક્ષ તો માંગી લીધો, પરંતુ ભવિષ્યમાં અહીં વહેલાલ ગામની યાત્રાએ આવનાર અનંત શ્રધ્ધાળુ ભક્તજનો માટે પણ મોક્ષનું વરદાન માંગી લીધુંછે !

વહેલાલમાં જેસીંગભાઈને ત્યાં અવાર-નવાર પધારીને શ્રીહરિએ અનંત લીલાઓ કરી છે. એક સમયે જેસીંગભાઈ તથા તેમના પિતા રૂગનાથભાઈ તથા તેમનો સમગ્ર પરિવાર આ સર્વે શ્રી સહજાનંદજી મહારાજ જ્યાં વિરાજમાન હતા. તે માઢ ઉપર આવ્યા. દરવાજા ઉપરની એ મેડી આ પરિવારની હતી. આવીને એમણે મહારાજનું પૂજન કર્યું પછી સહુ શ્રીહરિ સન્મુખ બેઠા. શ્રીજી મહારાજે એમને ઉપદેશ આપ્યો.

"અમારું ભજન કરજો, અમારી ભક્તિ કરજો.

"મહારાજ ! સાચું કહીએ તો ભજન બહું ઓછું થાય છે. આમને આમભજન-ભક્તિ વગર જીંદગી પસાર થતી રહે છે. હવે તો તમારી કૃપાથી જ કલ્યાણ થાય બીજો કોઈ રસ્તો નથી. માટે હે મહારાજ ! આપ દયા કરો તો અને અમારો મોક્ષ કરો તો થાય. બાકી આ આખી જીંદગી ખાધુ, પીધું કમાયા અને વાપર્યું પરંતુ સત્કર્મો થયાં નથી. ભજન થયું નથી અને આવા સંતોની સેવા પણ થઈ નથી."

પિતા રૂગનાથભાઈ તથા જેસીંગભાઈ મનમાં જે હતું તે ભોળા ભાવે બોલી ગયા. શ્રીહરિ આ પટેલ પરિવાર ઉપર અત્યંત રાજી થયેલા. કેમકે એમણે શ્રીહરિની અને સંતોની ઘણી સેવા કરેલી પણ લેશમાત્ર અભિમાનનો ભાવ નહોતો. ગૃહસ્થ થઈને પણ આવાં નિર્માની વચનો સાંભળી મહારાજ ખૂબ પ્રસન્ન થયા. શ્રીજી મહારાજ કહે, "રૂગનાથભાઈ તમે અને તમારા આ જેસીંગભાઈ પૂર્વના મુક્ત છો. તમારા મનમાં આવી શંકા ન હોવી જોઈએ કે અમારું કલ્યાણ થશે કે કેમ? જાવ અત્યારે જ વરદાન માંગી લો, તમે જે માંગશો એ આપીશું."

મહારાજની પ્રસન્નતા જોઈ પિતા-પુત્ર કહે, "મહારાજ ! આપ રાજી થયા હો તો બે વરદાન આપો. એક તો, અત્યારે મહારાજ આપ જ્યાં બિરાજ્યા છો એ અમારો માઢ - એટલે કે દરવાજા ઉપરની મેડી - આ મેડી નીચેથી જે કોઈ નીકળે, પસાર થાય એનું કલ્યાણ થાય, મોક્ષ થાય એવું વરદાન આપો. અને બીજું વરદાન એ કે અમારા અપરાધ અમારી ભૂલો સામું ન જોતાં અમારું કલ્યાણ કરજો અને અમને સર્વેને અક્ષરધામમાં તેડી જજો."

શ્રીહરિ પ્રસન્ન મુખ થકાં બોલ્યા : "જાવ બંન્ને વરદાન આપ્યાં. તમારું સર્વેનું કલ્યાણ કરીશું અને તમને અક્ષરધામમાં લેવા આવીશું. પરંતુ ભક્તરાજ ! આ તો રસ્તો છે એટલે અનેક લોકો આખો દાડો અવરજવર કરે તો પછી મોક્ષ બહું સોંઘો થઈ જાય, એટલે અમારું વચનછે કે 'સ્વામિનારાયણ' 'સ્વામિનારાયણ' એમઅમારા નામનું સ્મરણ કરતાં કરતાં જે કોઈ જન આ માઢ નીચેથી પસાર થશે એમનું કલ્યાણ અવશ્ય કરીશું."

આજે પણ શ્રધ્ધાળુ ભક્તજનો સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરતાં કરતાં આ માઢ નીચેથી પસાર થાય છે ત્યારે એ દિવ્ય વચનના સ્પંદનોનો અનુભવ જરૂર થાય છે. માઢ ઉપરની

મેડી ઉપર જઈ કે એક અનોખી દિવ્યતાનો અનુભવ થયા વિના રહેતો નથી ! કેમકે આ જ મેડી ઉપર શ્રીહરિ સ્વયં ઘણીવાર ઉતર્યા હતા.

આજ વહેલાલ ગામના તળાવ કે જે તળાવના કિનારે શ્રી સહજાનંદ સ્વામી મહારાજે દિવ્ય સભા કરેલી. એ સભામાં આખું ગામઆવેલું. પ્રભુએ સ્વંય સહુને ઉપદેશ આપ્યો અને ખૂબ આનંદ પમાડ્યા હતા. પછી રાત્રિના દશ વાગી ગયા એટલે જેસીંગભાઈએ કહ્યું કે "હે મહારાજ ! હવે દશ વાગી ગયા છે. તમે અને સંતો બધા થાક્યા હશો એટલે શયન કરવા પધારો. આપના માટે મેં ઘેર વ્યવસ્થા કરી છે. અમારા માઢની મેડી ઉપર બહુ સારી સગવડ છે." પણ મહારાજ કહે, "ના જેસીંગભાઈ આજે તો અમારે અહીં તળાવની પાળે સંત સમુદાય વચ્ચે જ પોઢી જવું છે." અને એ જ તળાવની પાળે ગાડા ઉપર અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિએ નિંદ્રા ધારણ કરી !

સવાર પડી એટલે સહુ સંતો નાહી-ધોઈ પૂજા પાઠ કરીને પ્રભાતિયાનાં કીર્તનો ગાવા લાગ્યા. પ્રભુ તો પોઢેલા જ રહીને કીર્તનો સાંભળવા લાગ્યા !

મહારાજ તો મુખ ઉપર ગોદડી ઓઢીને પોઢેલા જ રહ્યા. પૂર્વદિશામાં બાળ રવિ પોતાના કોમળ કિરણો વડે ધરતીના જીવોને જગાડતાં જગાડતાં આગળ વધવા લાગ્યા. ગામના ભક્તો પણ નાહી ધોઈ પૂજા કરી મહારાજના દર્શન કરવા માટે આવવા માંડ્યા. પરંતુ મહારાજને તો ગોદડું ઓઢીને પોઢેલા જ દીઠા.

મુક્તાનંદ સ્વામી હવે બ્રહ્માનંદ સ્વામીને કહે, "સ્વામી ! તમે હવે મહારાજને જગાડો. સવાર થઈ ગઈ છે અને ભક્તો પણ મહારાજના દર્શનની વાટ જુએ છે."

બ્રહ્માનંદ સ્વામી તો પલાંઠી વાળીને ગાડાની બાજુમાં બેઠા. અને બ્રહ્મબોલના આ શીઘ્ર કવિએ ભૈરવ રાગમાં આ કીર્તન મધુરા સ્વરે લલકાર્યું.

"પ્રાતઃ થયું મન મોહન પ્યારા, પ્રિતમરહ્યાં શું પોઢીને
વારંવાર કરું છું વિનંતી, જગજીવન કર જોડીને પ્રાતઃ"

"હે મહારાજ ! હાથ જોડીને હું આપને વારંવાર વિનંતી કરું છું. કે હે જગજીવન ! જાગો - હવે સવાર થઈ ગયું છે."

મહારાજ તો જાણે ઘસઘસાટ પોઢી ગયા છે એવી લીલા કરી રહ્યાં છે !

બ્રહ્માનંદ સ્વામીએ આગળ લલકાર્યું.

"ઘર ઘરથી ગોવાળો આવ્યા, દર્શન કારણ દોડીને
આંગણિયે ઊભી વ્રજ અબળા, મહી વલોવા છોડીને... પ્રાતઃ"

હે મહારાજ ! આ બધાં ભક્તજનો આવ્યા છે. બહેનો પોતાનાં ઘરનાં કામમૂકીને - સવારના પહોરમાં દળવાનું દહીં વલોવાનું આ બધું મૂકીને આ બધાં આપના દર્શન કારણ દોડી આવ્યા છે.

છેલ્લે સ્વામી કહે,

"ભૈરવ રાગ ગુણિજન ગાયે, તાનં મનોહર તોડીને
બ્રહ્માનંદના નાથ વિહારી, ઊઠો આળસ મોડીને... પ્રાતઃ"

સ્વામી પૂરા લયમાં, રાગમાં, ભાવમાં અને પ્રેમથી ભૈરવ રાગનું આ પદ બોલે છે. છતાં મહારાજ નિંદ્રાનો ત્યાગ કરતા નથી. એટલે સ્વામી મહારાજની પાસે જઈ એમના મુખ ઉપર ઓઢેલી ગોદડી ખેંચી અને મહારાજને જ્યાં જગાડવા જાય છે. ત્યાં મહારાજ હસવા માંડ્યા અને કહેવા લાગ્યા.

"સ્વામી આ વહેલાલ ગામડું કેટલું સુંદર છે - અહીં એવી શાંતિ છે કે, અમને ખૂબ સુખ પૂર્વકની નિંદ્રા આવે છે. અમને શાંતિથી ઊંઘવા પણ નહી દો."

સહુ સંતો અને હરિભક્તોએ એ દિવસે ગાડા ઉપર બિરાજેલા અને નિંદ્રા ત્યાગીને પ્રસન્ન મુખ મુદ્રા ધારણ કરેલા ભગવાન સ્વામિનારાયણના મંગળા-દર્શન કર્યા. સૌને દર્શન કરીને દિવ્ય આનંદ થયો.

વહેલાલ ગામની પૂર્વ દિશામાં આવેલ એક ખેતરમાં વિશાળ રાયણનું વૃક્ષ છે. શ્રીહરિએ એ વૃક્ષ નીચે આવીને નિવાસ કર્યો. આજુબાજુ સંતોએ નિવાસ કર્યો. હર્યુ ભર્યું ખેતર અને લીલુંછમ્મરાયણનું વૃક્ષ. શ્રીજી મહારાજને આ સ્થળ એટલું બધું તો ગમી ગયું કે પછી તો જ્યારે જ્યારે વહેલાલ પધારતા ત્યારે સભાઓ પણ આ વૃક્ષની છાયામાં જ થતી. ગ્રામજનો પણ આ રાયણના વૃક્ષ નીચે આવીને પ્રભુનાં મુખ થકી વહેતી વાણી અને ઉપદેશ શ્રવણ કરતાં હતા.

આજે પણ એ રાયણનું વૃક્ષ એવું ને એવું લીલુંછમ્મઉભું છે. ત્યાં સુંદર મજાનો ઓટલો અને છત્રી કરવામાં આવ્યાં છે. પ્રતિ વર્ષ મધમીઠી રાયણો અઢળક થઈ આવે છે. અને જે કોઈ દર્શને આવે એ સહુ રાયણોનો પ્રસાદ પામી ધન્ય બની જાય છે. વહેલાલ ગામની યાત્રાએ આવતા ઘણાં ભક્તો પોતાના ઘરેથી ભાતાના ડબા લાવીને રાયણના વૃક્ષ નીચે જમે છે અને અલૌકિક

શાંતિનો અનુભવ કરે છે. કહે છે કે જે કોઈ આ વૃક્ષને કાપવા પ્રયત્ન કરે છે તેનું અહિત થાય છે. એ ખેતર અને વૃક્ષ ધરાવતું ખેડૂત કુટુંબ પણ આવનાર ભક્તો ને પ્રેમપૂર્વક એ વૃક્ષના દર્શન કરાવે છે અને ધન્યતા અનુભવે છે.

શ્રીજી મહારાજે જેસીંગભાઈના એ માઢ ઉપર જ મુક્તાનંદ સ્વામી, ગોવિંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી વગેરે મોટા મોટા અઢારેક જેટલા સંતોને રાજી થઈને પરમહંસની મહાદીક્ષા આપી હતી. આવા ઉત્તમકાર્યનો યશ પણ મહાપ્રભુએ આ વહેલાલ ગામને આપ્યો છે.

જેસીંગભાઈના અમીન પરિવારમાં એમના કાકાના દીકરા જીજીભાઈ એક કુશળ હાડવૈદ્ય હતા. તેમણે આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનો વર્ષોથી ઉતરી ગયેલો અને ગંઠાઈ ગયેલો પગનો અંગૂઠો સારો કરી આપેલો. તેથી પ્રસન્ન થઈને શ્રીજી મહારાજે તેમને એક રેશમી શેલું ભેટ આપેલું જે આજે પણ એમની વંશપરંપરામાં જળવાઈ રહ્યું છે.

આવા અતિ પાવન અને શ્રીહરિના ચરણારવિંદોથી અંકિત થયેલા વહેલાલ ગામમાં શ્રી નરનારાયણદેવ ગાદી સંસ્થાનું શ્રી સ્વામિનારાયણ મંદિર ખૂબ સુંદર છે. આ મંદિરની ભૂમિપણ મહિમાવંત અને પ્રસાદીની છે. ગામમાં સૌ પ્રથમમંદિર વિ.સં. ૧૮૯૦ માં શ્રીજીના અનન્ય ભક્ત એવા વખતબાએ હાલના મંદિરની બહારની બાજુએ - રસ્તા ઉપર ચોરાના દરા પાસેના એક નાનકડા ઓરડામાં બનાવેલું.

ત્યાર પછી આશરે બેંતાલીસ વર્ષ પછી વિ.સં. ૧૯૩૨ માં જેસીંગભાઈના પુત્ર અજુભાઈએ એ વખતના સત્સંગીઓના સાથ સહકારથી એ મંદિરને વિશાળ રૂપ આપ્યું. સુંદર કલા કોતરણીવાળા સિંહાસનમાં ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની સ્થાપના કરી. એથી પણ વિશેષ આ મંદિરના મહિમાની વાત કરીએ તો શ્રીહરિનાં લીલા ચરિત્રોથી ભરપૂર એવા સત્સંગિભૂષણ ભક્તિ શાસ્ત્રનો કેટલોક ભાગ વહેલાલના આ જ મંદિરમાં રહીને પ.પૂ.સ.ગુ. વાસુદેવાનંદજી બ્રહ્મચારીએ લખ્યો છે.

ત્યાર પછી આ મંદિરનું રીનોવેશન કાર્ય તા. ૨-૨-૨૦૦૨ માં પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી ઉત્સાહી સંત શ્રી ચૈતન્યમુનિદાસજી સ્વામીના માર્ગદર્શન મુજબ ગામના સહુ હરિભક્તોએ મળીને પૂર્ણ કરી પ્રતિષ્ઠા વિધિ કરાવી છે.

વિશ્વના સર્વ પ્રથમએવા સ્વામિનારાયણ મંદિર ધરાવતા અમદાવાદની બિલકુલ પાસે આવેલા આ નાનકડા રળિયામણા ગામવહેલાલના મહિમાની તો આવી ઘણી ઘણી વાતો છે. જાણે ગામમાં પ્રવેશતાં જ શાંતિ અને દિવ્યતાનો અનુભવ થાય છે. ગામના અમીન પરિવારના સત્સંગી ભક્તજનો આજે પણ એમની પાસે જળવાઈ રહેલ મહારાજની પ્રસાદીનો પટારો, કાંસાનો થાળ, ગોદડું, માળા, દાતણ આદિક સર્વે અલૌકિક વસ્તુઓના દર્શન આવનાર ભક્તજનોને અતિ ઉત્સાહથી કરાવે છે. વહેલાલ ગામની યાત્રાએ જઈ આવ્યા પછી ચોક્કસ થાય છે કે "વાહ વાહ વહેલાલ!"

અનુસંધાન પેજ ૧૯નું ચાલું...

અહીંથી પધારો. મહારાજને રજા મળી ગઈ. વચનમાંથી મુક્તિ મળી ગઈ. મહારાજ કહે હવે અત્યારે તાત્કાલિક ક્યાં જઈશું ? ત્યાં ગંગારામમલ્લ મહારાજના દર્શને સુંદરજીભાઈના ઘરે આવેલા તેથી સુંદરજીભાઈએ કહ્યું આપ ગંગારામભાઈના ઘરે સંતાઈ જાવ. મહારાજ ગંગારામભાઈના ઘરે રહ્યા સભા કરી. ત્યાં તો જગજીવનનું લશ્કર આવે છે. તેવી વાત આવી પહોંચી. મહારાજ કહે, "ગંગારામભાઈ હવે શું કરશું?"

મિત્રો ! વિચાર માગી લે તેવી વાત છે. કારણ કે જે પ્રશ્ન મહારાજે સુંદરજીભાઈને પૂછ્યો હતો તે જ પ્રશ્ન અહીં હવે મહારાજ ગંગારામભાઈ મલ્લને પૂછે છે કે હવે શું કરશું ? સુંદરજીભાઈ પરિસ્થિતિના સંઘર્ષ સામે હારી ગયા. તે ભૂલી ગયા કે મારા ઘરમાં બેઠેલા એ સાક્ષાત્ અક્ષરધામના અધિપતિ છે. અનંત શક્તિઓના સ્વામિછે. તેમને કોઈની બીક ન હોય. પણ આ બધું જ ભૂલી ગયા. જ્યારે ગંગારામભાઈ મલ્લ મહારાજને ઉત્તર આપે છે કે મહારાજ જ્યાં આપ બિરાજતા હો ત્યાં કોઈનું પણ બળ ચાલતું નથી. તો આ સામાન્ય જીવનું શું ગજું.

ગંગારામભાઈની આવી સમજણ થી મહારાજ રાજી થયા. જગજીવનના સૈનિકો કાંઈપણ કરી શક્યા નહિ. અને મહારાજ ગંગારામભાઈના જ ઘરે રોકાયા.

યાદ રાખો મિત્રો ! જો ભગવાનને ઘરેથી જવા દેવા ન હોય તો શુરવીર બનવું.

ભગવાનની ઈચ્છા શક્તિ આગળ કોઈનું કાંઈપણ ચાલતું નથી. એમસમજીને શૂરવીર રહેવું.



સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

સ્વભાવ સદ્‌ગુણ બની જાય

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

જુના સમયમાં દંઢાવ્ય દેશ તરીકે ઓળખાતા ઉત્તર ગુજરાતનું ધમાસણા ગામ. ગામના ભાવિકોના ભાવને વશ થઈને મોક્ષદાતા સ્વામિનારાયણ ભગવાન એકવાર આ ગામે પધાર્યા. ગામના ભક્તોને ભગવાનના દર્શનથી અતિ આનંદ થયો. ધન્યભાગી થયા.

એ વખતે એક અગત્યની ઘટના બની ગઈ. પ્રભુના દર્શન અને સેવાનો લાભ લઈને એક પટેલ ભકતને વૈરાગ્ય જાગ્યો. અને તરત જ અસાર સંસારને છોડી દેવાનો નિર્ણય લઈ લીધો. અને સ્વામિનારાયણ ભગવાન સાથે ચાલી નીકળ્યા. સાધુ થઈ ગયા. સ્વભાવના કડક ખરા, પણ એવો કડક સ્વભાવ સત્સંગ સેવાના ઉપયોગમાં વાળી દીધો. પછી તો જ્યાં ને ત્યાં જોયા વગર, ઓળખ્યા વગર કોઈ સામો મળે કે કોઈ જતો-આવતો હોય તો તેને ઉભા રાખે, ભગવાનને ભજો છો કે નહિં ? અલ્યા ભાઈ ! તું કોણ ? હું ગમે તે હોઉં, ભગવાનનું ભજન કરજે, નહિ તો ક્યાંય ફેંકાઈ જઈશ, ફોતરાંની જેમઉડી જઈશ. તારો ક્યાંય પતો નહીં લાગે. માટે હું કહું છું રોજ બે માળા ફેરવજે. પેલાને વિચાર થાય કે આ સાધુનું ખસી ગયું છે કે શું ? ગમે તે હોય, રસ્તે ચાલનારને પકડે હોં. એમાં એક દહાડો ગરબડ થઈ ગઈ. વાત જાણે એમહતી કે -

અમદાવાદ મંદિરનું બાંધકામચાલુ હતું. એ વખતે બાંધકામમાટેના પથ્થર હિંમતનગર તરફથી આવતાં હતાં. કોઈ દ્વેષીલાએ હિંમતનગરના દરબારને અવળી ચાવી ચડાવી એટલે દરબાર સાહેબે સ્ટે મૂકી દીધો. અને અમારા રાજ્યમાંથી પથરા નહીં લઈ જવાના એવું ફરમાન જાહેર કરી દીધું. હા, તો ધમાસણાના આ સ્વામીનું નામહતું ગુરૂચરણરતાનંદ સ્વામી. ધણી વખત કાઢી દરબારો હસવામાં સ્વામીને કહેતાં પણ ખરા, ભાઈ સાબ ! તમારૂં નામતો બે હાથ લાબું છે. યાદ કેવી રીતે રાખવું ! આથી મહારાજે કહ્યું, તો એમકરો તમે એમને ગુરૂ સ્વામી જ કહેજો. બીજું કાંઈ નહી. આ ગુરૂ સ્વામી અમદાવાદ આવ્યા. તેમણે જોયું તો નરનારાયણદેવના મંદિરનું કામબંધ હતું. આનંદાનંદ સ્વામીને મળી પૂછપરછ શરૂ કરી. તો સ્વામીએ કહ્યું, પ્રયત્નો ચાલું છે. તજવીજ ચાલું છે. કારણ કે રાજાએ પથરા આપવાની ના પાડી છે. આવી વાત કાને પડી, તરત ઉપડ્યા. સીધા હિંમતનગર પહોંચી ગયા. એ વખતે રાજા ઈડરમાં હતા એટલે સ્વામી સીધા ઈડર પહોંચ્યા. રાજમહેલમાં પહોંચ્યા ત્યારે બપોરનો સમય થઈ ગયો હતો. રાજા સાહેબ આરામમાં હતા. અને સ્વામી તો વટથી પગ પછાડતાં - પછાડતાં ચાલ્યા આવે. એ જમાનો અત્યારના જેવો ત્રાસવાદનો કે સિક્યુરિટીનો ન હતો. એટલે એકાદ ચોકીદાર ઉભો રાખ્યો હતો. ઝાઝી પળોજણ સલામતી માટે રખાતી નહીં. ચોકીદાર ઉભેલો. એણે કહ્યું, અરે, સ્વામીજી ! અત્યારે મળવાનો સમય નથી. રાજા સાહેબ આરામમાં છે. તું મને નથી ઓળખતો, હું કોણ છું ? તારા રાજા સાહેબનો ગુરૂ છું. ચોકીદાર તો બિચારો ગભરાઈ ગયો. જવા ના દઉ તો ઉપાધિ છે. ફરિયાદ કરશે અને મારી નોકરી જોખમમાં મૂકાશે. જવા દઉ તો પણ જોખમતો છે જ ! એનાં કરતાં ભલે જતાં. સ્વામીને અંદર જવા દીધા. રાજા તો પગંલ ઉપર અડધી ઊંઘમાં અને અડધા જાગતા એવી નંદ્રા અવસ્થામાં સૂતા હતા. અંદર જઈને સીધો હાકોટો જ માર્યો. મરીને જમપુરીમાં જઈશ. આ પથ્થર, આ ધરતી તારી છે ? મંદિરનું કામચાલે ને તે ના પાડી દીધી. સારા કામમાં પ્રોત્સાહન આપવાના બદલે વિઘ્ન કરે છે. રાજા તો ભડક્યા, જાગ્યા.... અરે..... હા..... પણ સ્વામીજી શું છે ? તમારે શું કામછે ? એ તો જણાવો. મારે તો મારૂં અંગત કંઈ કામનથી. ભગવાનનું મંદિર બને છે ને તેં પથ્થર આપવાની ના પાડી. પણ સ્વામીજી

તમારે કહેવું છે શું ? હું કહું છું. પથ્થર આપવાની છૂટ આપ - હા પાડ નહીં તો મરીને જમપુરીમાં જઈશ. અરે..... પણ સ્વામીજી શાંતિ રાખો.... બેસો.... બેસો.... તો ખરા !

સ્વામી તો ગુસ્સામાં ઔર રાતા-પીળા થયા અને કહેવા લાગ્યા, તારી પાસે તે બેસાય ? આવા સારા કામમાં વિઘ્નરૂપી પથ્થરા નાંખે એની પાસે બેસાય ! ગભરાઈ ગયેલા રાજા કહે, હા, ખરી વાત છે. તમતમારે પથ્થરનું કામથઈ જશે બસ. થઈ જશે એ વાત નહીં. અત્યારે જ થઈ જવું જોઈએ. કારણ કે સ્વામી જાણતા હતા. આ લોકો વાયદા આપવામાં પાછા ન પડે.... થઈ જશે. સ્વામી... યોગ્ય કરવામાં આવશે..... તપાસ ચાલે છે.... એ વાત જ નહીં. .... તમે કહો યોગ્ય કરવામાં આવશે. પછી અયોગ્ય જ થાય. માટે અત્યારે ને અત્યારે વાતનો ફેંસલો કરી નાંખો. રાજા વિચારવા લાગ્યો. આ સ્વામી તો ખરા છે. છોડે એવા નથી. રાજાએ ચોકીદારને બોલાવી કહ્યું, અત્યારે ને અત્યારે દિવાનને બોલાવો. દિવાન સાહેબ આવ્યા. રાજાએ હુકમકર્યો..... અત્યારે ને અત્યારે સ્વામીજીને કાગળીયું કરી આપો. કાગળમાં લખી આપ્યું કે, અમદાવાદ નરનારાયણદેવના મંદિર માટે પથ્થરા લેવાની આથી છૂટ આપું છું. સહી-સિક્કા કરી આપ્યા. કાગળીયું તૈયાર થઈ ગયું કે તુરત જ સ્વામીએ પોતાની ઝાંખી કોલી. ઝોલીમાં કંઠી રાખતા. ઝોળી ખોલી કંઠી કાઢી અને રાજા કંઈ વિચારે એ પહેલાં એના ગળામાં કંઠી પહેરાવી દીધી.

"..... કાળ માયા, પાપ કર્મ, યમદૂત....." જા તારું કલ્યાણ થશે. તારા ઘરમાં સત્સંગ થશે. અને થયો પણ ખરો. ઈડરમાં મંદિર પણ બન્યું. અત્યારે ઈડરમાં જે મંદિર છે એ મંદિર સંપૂર્ણ રાજ્યને ખર્ચે બન્યું.

મિત્રો ! જોયું ! સ્વામીજીનો સ્વભાવ કડક હતો. પણ એ સ્વભાવને જો સારી બાજુ વાળી દીધો તો સારાં કામકરાવવા માટે ઉપયોગી બની ગયો. એ રીતે દરેકના જુદા જુદા સ્વભાવ-પ્રકૃતિ, ગુણ, આવડત હોય છે. પરંતુ એનો જો સત્સંગને માટે કે ભગવાનને માટે ઉપયોગ થાય તો એ ભક્તિરૂપ બની જાય છે. સ્વભાવ સદ્‌ગુણ બની જાયછે.

●

શૂરવીર ભક્ત જીતી જાય

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એક સમયે શ્રીજી મહારાજ સુંદરજીભાઈ સુથારને ઘરે વિરાજમાન હતા. સુંદરજીભાઈ સુથાર મહારાજની ખૂબ સેવા કરતા. સંતોની સેવા કરતા તદુપરાંત ગામ-બહારગામથી જે કોઈ હરિભક્તો મહારાજના દર્શને આવતા તેમની પણ સેવા કરતા. શ્રીજી મહારાજ સુંદરજીભાઈની સેવાથી પ્રસન્ન થઈ ગયા અને સુંદરજીભાઈને એકવાર રાજી થઈને વરદાન માગવાનું કહ્યું. "માગો માગો ભક્તરાજ તમારી સેવા નિષ્ઠા જોઈ, તમારો પ્રેમજોઈ. તમારી ઉપર અમે ખૂબ રાજી છીએ."

સુંદરજીભાઈ ખૂબજ સમજુ હતા. મહારાજે માગવાનું કહ્યું તો પછી મારે જગતની કોઈ વાસના નથી. ભગવાનના ભક્તોને ક્યારેય પણ જગતના પદાર્થોમાં મન લોભાતું નથી. સુંદરજીભાઈએ તો તરત જ મહારાજને કહ્યું, "મહારાજ આપ રાજી થઈને માગવાનું કહેતા હો તો એમમાગું છું" કે, "આપ હવે સદાયને માટે મારા ઘરમાં નિવાસ કરીને રહો." મહારાજ વિચારમાં પડી ગયા. આ વરદાન આપું તો પછી અનંતના કલ્યાણ કરવાના છે અહીં બંધાઈને રહીશું તો પછી કામ, અટકી પડશે. પણ હવે કરવું શું ? વરદાન માગવાનું કહ્યું અને માગી લીધું તો પછી, "મહારાજે તથાસ્તુ કહી દીધું." સુંદરજીભાઈ રાજી થઈ ગયા. મહારાજે થોડો સુધારો કર્યો કે જ્યાં સુધી તમે જવાનું નહિ કહો ત્યાં સુધી રોકાઈશું. સુંદરજીભાઈને થયું કે વાંધો નહિ હું તો મહારાજને જાઓ એમકહેવાનો જ નથી તેથી મહારાજ સદાય અહીં રોકાશે.

થોડા દિવસ વિત્યા ત્યાં ભુજનો અધિકારી જગજીવન આવે છે. જગજીવનને સ્વામિનારાયણ ભગવાન સાથે ખૂબજ દ્વેષ હતો તેથી સુંદરજીભાઈ મહારાજ પાસે પહોંચ્યા. મહારાજ મોટી આફત ઘરમાં આવેછે. જગજીવન ખૂબજ ઉધ્ધતછે. તમને જોશે તો તોફાન કરાવશે. માટે મહારાજ આપ ઉપર મેડીએ જાવ. જગજીવન આવશે ત્યારે હું કહી દઈશ કે મહારાજ આવ્યા હતા પણ આજ સવારમાં અહીંથી નીકળી ગયા. મહારાજ મેડી ઉપર ચાલ્યા ગયા પછી વિચાર કર્યો હવે અહીંથી મુક્તિ મેળવવાની તક મળી છે. જગજીવન સુંદરજીભાઈના ઘરે આવીને તરત જ પૂછે છે કે મેં સાંભળ્યું છે કે સ્વામિનારાયણ તારે ત્યાં રોકાયા છે ? ક્યાં છે ? સુંદરજીભાઈએ કહ્યું નામદાર એ તો આજ સવારના જ અહીંથી નીકળી ગયા અને તે જ સમયે મહારાજે મેડીએથી નીચે ઉતરીને કહ્યું અમે અહીં જ છીએ બોલો શું કામ હતું? જગજીવનનો ક્રોધ ભભુકી ઉઠ્યો. હમણાં જ સૈન્ય લઈને આવું છું. તમારી ઘરપકડ કરવા. આટલું બોલી જગજીવન ચાલ્યો ગયો. સુંદરજીભાઈ ચિંતામાં પડી ગયા. "મહારાજ" કહે હવે શું કરશું ? તમે કહો તેમકરીએ. તમે રજા આપતા હો તો અહીંથી ચાલ્યા જઈએ. "હા" મહારાજ "હા" આપ જલ્દી થી

અનુસંધાન પેજ - ૧૭ પર...



માન એ મહાન ભયંકર શત્રુ છે

- સાંખ્યયોગી ઉષાબા (સુરેન્દ્રનગર)

સર્વ અવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પૃથ્વી ઉપર પ્રગટ થઈને અનેક ગામો, શહેરો અને નગરોમાં વિચરણ કરી કેટલાંય જીવોને અધર્મના માર્ગથી પાછા વાળી સત્સંગી બનાવ્યા છે. શ્રીહરિનો સાચો આશ્રિત કોને કહેવાય ? જે નિયમ, નિશ્ચય, પક્ષ, આજ્ઞા-ઉપાસના રાખી ભક્તિ કરે તથા ક્રોધ, લોભ, માન, ઈર્ષ્યા, મત્સર વગેરે અંતઃશત્રુનો નાશ કરીને ભગવાનની દૃઢ ભક્તિ કરે. માન, ઈર્ષ્યાને ક્રોધ એ ત્રણ દોષ તે કામકરતા પણ અતિશય ભૂંડા છે. કેમજે કામી ઉપર તો સંત દયા કરે, પણ માની ઉપર ન કરે. માનમાંથી ઈર્ષ્યાને ક્રોધ ઉપજે છે. માટે માન મોટો દોષ છે. અને માને કરીને સત્સંગમાંથી પડે છે એવો કામે કરીને નથી પડતો તેનાં ઉપરથી તમને વાત કહું છું કે અપમાન થવાથી આ સત્સંગને છોડી દે છે.

ગોખરવાળા ગામમાં ગુણાતીતાનંદ સ્વામી સત્સંગ કરાવવા આવ્યા હતા. મંદિરમાં હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ચોમાસાના દિવસો હતો. એક હરિભક્તના ગારાવાળા પગ દેખીને સ્વામીએ કહ્યું કે પટેલ પગ ધોજો, નહિ તો મોદ બગડશે. પેલો કહે, હા સ્વામી, મોદ બગડે એવું શું કામકરવું જોઈએ. આમ કહીને ઘરે ગયો તે ગયો જ પણ પાછો આવ્યો નહિ. સ્વામીએ જાણ્યું જે એને ખોટું લાગ્યું. તેથી હરિભક્તને તેડવા મોકલ્યા. તેમણે ઘણો આગ્રહ કર્યો પણ મંદિરમાં આવ્યો નહિ. અને સ્વામીનો બહુ અવગુણ લેવા મંડ્યો. તેમણે મંદિરમાં આવીને સ્વામીને વાત કરી. ગુણાતીતાનંદ સ્વામી કહે અમારા કહેવાથી એને થોડું ખોટું લાગ્યું તો અમો માફી માગીએ અને તેડી લાવીએ. એ પાછો પડી જશે તો એના જીવનું બગડશે. આમધારીને સ્વામી સાધુ સાથે ગૃહસ્થને ઘેર ગયા. સ્વામી કહે, હરખા પટેલ ! જય સ્વામિનારાયણ કેમમંદિરમાં આવતા નથી. પેલો કહે, સ્વામી તમે પગ ધોવાનું કહ્યું છે તે પગ ધોઈને આવીશ. સ્વામી કહે અમે તો મોદ બગડે એટલા સારું કહ્યું હતું. હવે નહિ કહીએ. મને માફ કરો. હરખો અંતરની વરાળ કાઢી જરા કડકાઈથી બોલ્યો, સ્વામી ! મોદ અમે લાવ્યા છીએ. મંદિર પણ અમે જ કર્યું છે. ભર સભામાં મારું જે અપમાન કર્યું તે હાડોહાડ લાગી ગયું છે. આ તો તમે સાધુ પણ બીજા અમને ટોકે તો ખબર પાડી દઈએ. સ્વામી કહે, ભાઈ! અમે તો આજ તમારે ગામઅને કાલ બીજાને ગામ. આ મંદિર તમારું છે. મોદ મેલી થાય કે ફાટી જાય તો તમારે જ લાવવાની છે. પણ મારો સ્વભાવ જરા બોલકણો તે બોલી ગયો. પણ હવે હરખાભાઈ માફ કરો. ઉઠો ચાલો મંદિરમાં. એમકહી હસતાં હસતાં સ્વામીએ હાથ ઝાલ્યો પણ તેણે તો હાથ તરછોડી નાખ્યો અને કહ્યું કે સ્વામી તમે જાઓ હું પગ ધોઈને આવું છું. સ્વામી તથા સાધુ-હરિભક્તોએ હરખાને ઘણું બધું સમજાવ્યો પણ તે એકનો બે ન થયો અને માન મૂકીને મંદિરમાં ન આવ્યો.

જોયું ને ! બ્રહ્માદિકને પણ દુર્લભ એવા સત્સંગના યોગને આ પટેલ પામ્યો તો પણ શું મળ્યું. એના જીવનું માનભાઈએ બગાડી નાખ્યું. ભવ બ્રહ્માદિકને પણ દુર્લભ એવા સંતે તેના ઘેર જઈને તેને સમજાવ્યો. પણ માનને કારણે સ્વામીનું વચન મનાણું નહિ. માટે માન તો મોક્ષ માર્ગમાં વિઘ્નરૂપ છે. હરખા પટેલ માનને કારણે સત્સંગમાંથી પડી ગયા પણ અત્યારે તો દરેકને માન જોઈએ. માન એ મોટામાં મોટો અંતઃશત્રુ છે. માટે સ્વામિનારાયણ ભગવાને પોતાના ભક્તોને માન રહિત રહેવાની આજ્ઞા કરી છે. વચનામૃતમાં કહ્યું છે કે, ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની એ ચાર પ્રકારના જે મનુષ્ય તે જો હરિભક્ત હોય તો પણ તે સાથે અમારે બને નહિ. કામથી અધઃપતન થયું હોય તે પાછો ઉન્નતિના સ્થાને આવતો જાય પણ માની તો મરડાય કે સત્સંગ મેલી ચાલ્યો જાય. તેથી મુક્તાનંદ સ્વામીએ ગાયું છે, "સાંભળ બેની હરિ રીઝ્યાની રીતડી, મોહનવરને માન સંગાથે વેરજો."

સાધન સર્વે માન બગાડે પળ વિષે, જેમભળિયું પય સાકરમાં અહીં ઝેર જો - માટે માનરૂપી અંતઃશત્રુનો ત્યાગ કરી સત્સંગ કરીશું તો જરૂર આપણા જીવનું રૂડું થશે. ગ.મ.પ્ર.વ.માં કહ્યું છે કે "માનને તજીને જે ભગવાનને ભજે તેને સર્વ હરિભક્તમાં અતિશે મોટો જાણવો. માટે માનને મુકી દાસાનુદાસ થઈને ધર્મકુળની આજ્ઞામાં રહીને ભગવાનની ભક્તિ કરવી." ભગવાન શ્રીહરિ કહે છે કે, માની માણસ મને દીઠોય ગમતો નથી. માન મોક્ષને બગાડે છે. અંતે અક્ષરધામનો માર્ગ તેનાથી દૂર ભાગે છે. ધર્મકુળના ખોળાના આશ્રય

સિવાય બીજાનો ખોળો મોક્ષને વેગળો કરનાર છે. જેમવ્યભિચારીણી સ્ત્રી તે પોતાના પતિને છોડીને બીજાને પતિ તરીકે જાણે તેવું છે. માટે હરિભક્તોએ વિચારી લેવું કે ઉજળું બધું દૂધ ન હોય. એકથી મૃત્યુ થાય અને બીજાથી શરીરની પુષ્ટિ થાય. માટે આજે કેટલાય હરિભક્તો ધર્મકુળને જાણ્યા સિવાય જ્યાં લાભ અને માન મળે ત્યાં સુધી જાય છે. માટે મન કર્મ વચને કરીને ધર્મકુળની સેવા કરવી. એ જેમકહે તેમતેમની આજ્ઞામાં રહેવું. તો જ આપણે શ્રીહરિના સાચા આશ્રિત કહેવાશું અને સાચા સુખને પામીશું. ધર્મકુળના આશ્રય સિવાય જ્યાં ત્યાં માથા મૂકીશું તો કોણ જાણે ક્યાં રખડવું પડશે અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો તથા શ્રી નરનારાયણદેવનો દ્રોહ કરનાર સભામાં બોલતા હોય છે કે આપણે તો છતાં દેહે અક્ષરધામમાં બેઠા છીએ. પણ તેવા વિમુખ લોકો તો છતાં દેહે જ અક્ષરધામમાં હોય છે પણ મરીને તેમને અક્ષરધામમળતું નથી. અક્ષરધામના અવિનાશી સુખને પામવા માટે આચાર્ય મહારાજશ્રી દીક્ષિત સંતો તથા બાઈઓનો સમાગમકરવો. ધર્મકુળનો દૃઢ આશરો કરવો.

ભગવાનના સ્વરૂપમાં દૃઢ વિશ્વાસ

- રમીલાબેન કનુભાઈ મોદી (હિંમતનગર)

અનંત કોટિ સૂર્ય, ચંદ્રમાં અને અગ્નિ ને સરખું પ્રકાશમાન અક્ષરધામ તેને વિષે શ્રી પુરુષોત્તમભગવાન સદા દિવ્ય મૂર્તિ થકા વિરાજમાન છે. અને તેજ ભગવાન જીવોના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે રામકૃષ્ણાદિક અવતાર ધારણ કરે છે. ત્યારે તે ભગવાનના સ્વરૂપનો જેને સંત સમાગમે કરીને દૃઢ નિશ્ચય થાય છે. તેનો જીવ બીજના ચંદ્રમાંની પેઠે દિવસે દિવસે વૃદ્ધિ પામતો જાય છે. પછી જેમ જેમ પરમેશ્વરના મહિમાએ સહિત નિશ્ચયને પામેછે. તેમ તેમ વૃદ્ધિને પામીને પૂર્ણિમાના ચંદ્રમાં જેવો જીવાત્મા થાય છે. પછી એને ઈન્દ્રિયો, અંતઃકરણ નિશ્ચયમાંથી ડગાવવાને સમર્થ નથી થતા અને પરમેશ્વર ગમે તેવાં ચરિત્રો કરે તો પણ તેને કોઈ રીતે ભગવાનને વિષે દોષ ભાસતો નથી પણ પરમેશ્વરના ચરિત્રમાં કોઈ રીતે સંદેહ થાય અથવા પરમેશ્વરનો કોઈ રીતે અભાવ આવે ત્યારે એ જીવ કલ્યાણના માર્ગમાંથી તત્કાળ પડી જાયછે.

જેને નિશ્ચયનું અંગ દૂબળું હોય ને તે સત્સંગમાં હોય તો પણ તેને એવો ઘાટ થાય. અને હું મરીશ ત્યારે દેવતા થઈશ કે રાજા થઈશ કે ભૂત થઈશ. જેને ભગવાનનો પરિપૂર્ણ નિશ્ચય ન હોય એને એવા ઘાટ થાય.

એકવાર મહારાજ યુધિષ્ઠિર દ્વારકા પધાર્યા. ત્યાં તેમણે ઉદ્ધવજીને એક પ્રશ્ન પૂછયો : સદા પૃથ્વીથી ઊંચે રહેનારો મારો રથ ધરતી પર કેમપછડાયો ? ત્યારે ઉદ્ધવજીએ કહ્યું એમ બોલવાથી નહિ. પરંતુ સત્યસ્વરૂપ એવા શ્રીકૃષ્ણની આજ્ઞાનો ચતુરાઈપૂર્વક અનાદર કરી તમે "નરોવા કુંજરોવા" એટલું ઉમેરી બોલ્યા એટલે તમારો રથ જમીન પર પછડાયો. તમે તમારા લૌકિક સત્યના પાલનને માટે પરમસત્યને ચૂકી ગયા. તમારા મન માનેલા સિદ્ધાંતોને કારણે પ્રગટ પ્રભુની આજ્ઞાનું અડધું પાલન કર્યું અને અડધું ન કર્યું. તમોને પ્રભુનો નિશ્ચય ડગી ગયો. એટલે તમારો રથ જમીન પર પછડાયો. ભગવાનમાં વિશ્વાસ રાખનારને બ્રહ્માંડમાં એવું કોઈ તત્વ નથી કે નીચે ઉતારી શકે કે પાછા પાડી શકે.

ઉદ્ધવજીની એ વાત સાંભળતાં જ યુધિષ્ઠિરની આંખો પહોળી થઈ ગઈ. તેમને સત્ય સમજાઈ ગયું. પોતાની ભૂલને કારણે જ પોતાને પાછું પડવાનું અને પસ્તાવાનો વારો આવ્યો. જીવ જ્યારે ભગવાનનું બળ મૂકીને બુદ્ધિબળને સાધન બળને શ્રેષ્ઠ માનેછે ત્યારે પરમાત્માના વિશ્વાસથી ભ્રષ્ટ થાયછે. અને અંતે પતન થાયછે.

વિશ્વાસીને વહાલો ક્યારેય નિરાશ કરતાં નથી. વિશ્વાસ આધ્યાત્મિક માર્ગનો શ્વાસ છે. જેનો વિશ્વાસ બળિયો તે અર્જુનની જેમમહાન છે. જેનો વિશ્વાસ નબળો તે ઘણાંક ધર્મ-નિયમપાળતો હોવા છતાં યુધિષ્ઠિરની જેમનબળો રહેશે. ભગવાનનો ભરોંસો જીવને લાખો ભય તથા દુઃખોથી મુક્તિ આપી આનંદથી ભરી દેછે.

ભૂત

- કંચનબેન બાબુભાઈ પટેલ (રતનપર-મૂળીદેશ)

એકવાર શ્રીજી મહારાજ સભા ભરીને બેઠા હતા. સર્વે સંતો હાજર હતા. અચાનક મહારાજે પૂછ્યું : તમને કોઈને ભૂત વળગે ખરું ? ભૂત વળગે ? અમને સાધુને ભૂત વળગે? આ કેવો સવાલ, બધા વિચારમાં પડી ગયા. કોઈ કાંઈ બોલ્યું નહિ. ત્યારે મહારાજ હસીને બોલ્યા, મને ખબર છે, તમને બધાને ભૂત વળગેછે, પણ ત્રણ જણને ભૂત વળગતુ નથી. ગુંચવાડો વધ્યો. કોઈને કંઈ સમજ પડી નહિ. થોડીવાર રહી મહારાજે કહ્યું, એ ત્રણ જણ તે એક અમે, બીજા સ્વામી મુક્તાનંદ અને ત્રીજા સ્વામી ગોપાળાનંદ આ ત્રણને કદી ભૂત વળગતું નથી.

વળી થોડીવાર અટકી ને કહે : ભૂત કંઈ એક નથી, ત્રણ ચાર છે. જાણવા છે એ ભૂતના નામ. તો સાંભળો. એક ભૂતનું નામછે. ક્રોધ, બીજાનું નામ છે લોભ, ત્રીજાનું નામ છે માન-અભિમાન, ચોથા ભૂતનું નામ છે સ્વાદ, આવા બધા ભૂત છે. તે બધા ઓચિંતાના આવીને વળગેછે. માટે ચેતતા રહેજો.

સંતોએ કહ્યું : મહારાજ તમે અમારી મદદમાં રહેજો. મહારાજે કહ્યું અમે સદાય તમારી પડખે છીએ જ. સંતોએ કહ્યું, તો દુનિયા જખ મારેછે. ભૂતોની દેન નથી કે અમને સતાવે.

સંતોની ટેક જોઈ મહારાજ પ્રસન્ન થયા ??

બોટાદમાં પ.પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી

પ.પૂ. મોટા મહારાજશ્રી તા. ૨૬-૧-૨૦૦૮ ના રોજ ધાંધલ ઉમેદભાઈ સુરીગભાઈના લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધાર્યા હતા.

આ પ્રસંગે સૌ પ્રથમપ.પૂ. મોટા મહારાજશ્રી બોટાદ મંદિર ઠાકોરજીના દર્શન કરીને આપણા કાલુપુર મંદિર કોઠારમાં સેવા કરતા ભાઈશ્રી ઉમેદભાઈના નિવાસ સ્થાને સંત મંડળ સાથે પધાર્યા હતા. જ્યાં ધાંધલ પરિવારે પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા.



સાધુ ભક્તિનંદનદાસ
ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ કયા શાસ્ત્ર ના માનવા અને કયા શાસ્ત્ર ના સાંભળવા તે શિક્ષાપત્રીમાં કયાં શ્લોકમાં કહ્યું છે ?

પ્રશ્ન : ૨ "એવી શ્રાપિત બુદ્ધિ છે, તે કેમસારી થાય" ? કયા વચનામૃતમાં આ પ્રશ્ન કોણે પૂછેલ છે ?

પ્રશ્ન : ૩ ગધેડામાંથી ગાય બનાવી, જે મોઢામાંથી ગાળોનો વરસાદ વરસતો તે મોઢું પ્રભુના નામનો અવિરત જાપ જાપવા માંડ્યો, હાથમાં તલવારના બદલે માળા ફરવા લાગી તે ભક્ત કોણ હતા ?

પ્રશ્ન : ૪ સારંગપુરના જીવાખાચરે પ્રભુ શ્રીહરિ પાસે શું માગ્યું ?

પ્રશ્ન : ૫ "મને સ્વપ્રે ન ગમે રે સંસાર કોને કેમકીજીએ રે" - આ ઉપદેશાત્મક ઉક્તિ કોને કહીછે ?

પ્રશ્ન : ૬ નીલકંઠવર્ણી વેષે પ્રભુ જ્યારે સિરપુરના રાજા, સિધ્ધવલ્લભને મળ્યા ત્યારે રાજાના મગજમાં કેવો અવિવેક અને કેવી માન્યતા હતી ?

પ્રશ્ન : ૭ સર્વ મંગલસ્ત્રોતમાં કેટલા શ્લોક અને કેટલા નામ તેમજ ગ્રંથ કર્તા કોણ છે ?

ફેબ્રુઆરી-૨૦૦૮ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) જ્યારે પોતાનો તથા પારકો દ્રોહ થાય ત્યારે સત્ય વચન પણ ન બોલવું. (૨) મંગળા આરતી, શણગાર આરતી, રાજભોગ આરતી, સંધ્યા આરતી, શયન આરતી. (૩) બ્રહ્મ હત્યા, મદ્યપાન, બ્રાહ્મણની સુવર્ણ ચોરી, ગુરુ સ્ત્રીનો સંગ અને તે ચારનો સંગ. (૪) સંતને લગારેક દેહાભિમાન હોય તે મંદવાડે કરીને ટળે તે સારૂ મંદવાડ આપે છે. (૫) પોતાને જે પદાર્થની કામના હોય તથા જેમાં પોતે મમત્વ બાંધ્યો હોય તેનો કોઈ ભંગ કરે ત્યારે તેમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે. (૬) ૧. મનુષ્ય જાતિમાં ચાર લાખ પ્રકારના જન્મો થાય છે. કીટાદિકમાં - અગિયાર લાખ જન્મો થાય છે, સ્થાવર જાતિમાં - વીસ લાખ જન્મો થાય છે, પશુ જાતિમાં - ત્રીસ લાખ જન્મો થાય છે, પક્ષી જાતિમાં - દસ લાખ જન્મો થાય છે, જળ જાતિમાં - નવ લાખ જન્મો થાય છે, કુલ ચોર્યાસી લાખ પ્રકારના જન્મો થાય છે. (૭) પૂર્વ જે જે વિષય ભોગવ્યા હોય અથવા સાંભળ્યા હોય તેની અંતઃકરણમાં જે ઈચ્છા વર્તે તેને વાસના કહીએ.

૧. દક્ષાબેન ઘનશ્યામભાઈ સોની (અમદાવાદ)
૨. કંચનબેન બાબુભાઈ પટેલ (રતનપર)
૩. મંજુબેન આશિષભાઈ ગોરસીયા (રતનપર)
૪. હરગોવિંદભાઈ ચતુરદાસ પટેલ (મોટપ)
૫. અમૃતલાલ કે. મોદી (સોજા)
૬. પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)
૭. સાં. ઉષાબા - શિલ્પાબા (સુરેન્દ્રનગર)
૮. ભાવસાર સુમિત્રાબેન (વિસનગર)
૯. પ્રફુલાબેન એસ. પટેલ (ઉવારસદ)
૧૦. શોભનાબેન એમ. પરમાર (રાજકોટ)
૧૧. મનાણી પુષ્પાબેન (જીરાગઢ)
૧૨. વર્ષાબેન અરવિંદભાઈ સોની (અમદાવાદ)
૧૩. અરવિંદભાઈ તુલસીદાસ સોની (અમદાવાદ)
૧૪. સોની મજદાનજીભાઈ વેલજીભાઈ (મોરબી)
૧૫. માધવજીભાઈ હરખજીભાઈ આદ્રોજા (મોરબી)
૧૬. શિલ્પાબેન મણીલાલ પટેલ (દહેગામ)
૧૭. માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)
૧૮. જ્યોત્સના - ચંદ્રિકા (જીરાગઢ)
૧૯. ભાવના કલમેશકુમાર ખંધડિયા (મોરબી)
૨૦. હિતેશકુમાર હેમરાજભાઈ વાઘેલા (જામસર)
૨૧. સાકરબેન નટવરભાઈ પટેલ (નાંદોલ)
૨૨. શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
૨૩. કૈલાસબેન વિષ્ણુભાઈ પટેલ (નાંદોલ)
૨૪. અંજનાબેન મનુભાઈ પટેલ (નાંદોલ)
૨૫. સાં. કંચનબા, સાં. કુંદનબા (મેડા)
૨૬. સોની માલતીબેન કમલેશભાઈ (ટીકર રણનું)
૨૭. ઘનશ્યામભાઈ રાજુભાઈ (આમંદપુરા)
૨૮. જ્યોત્સનાબેન રાજુભાઈ (ઝુલાસણ)
૨૯. ભક્તિભાઈ ભોળીદાસ અને ગંગાબેન ભક્તિભાઈ પટેલ (ઝુલાસણ)
૩૦. પટેલ હાર્દ, હેલી કીરીટભાઈ (નરોડા)
૩૧. વિનોદભાઈ પી. પટેલ (વહેલાલવાળા)
૩૨. વરૂ મિનાક્ષી કાંતિભાઈ (અંબાળા)
૩૩. બાબુલાલ પી. ભાવસાર (અમદાવાદ)
૩૪. ભારતીબેન ગોરધનભાઈ વાઘેલા (સુરત)
૩૫. સાં. મંજુબા, સાં. ભારતીબા (હવેલી અમદાવાદ)
૩૬. અરવિંદાબેન એમ. ભાવસાર (ચાંદલોડીયા)
૩૭. વિણાબેન આર. ભાવસાર (નવરંગપુરા)
૩૮. હસુમતીબેન કે. ઠક્કર (ઈસનપુર)
૩૯. મીનાબેન મહેન્દ્રભાઈ (નરોડા)
૪૦. રેખાબેન કીર્તિકુમાર પટેલ (ઊંઝા)
૪૧. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૪૨. હંસાબેન ઈશ્વરભાઈ પટેલ (સાપાવાડા)



સંદેશ પેપર આયોજીત જ્ઞાન-સંસ્કાર ઉત્સવ

સંદેશ પેપર છેલ્લા બે વરસથી સંસ્કાર-જ્ઞાન ઉત્સવનું સુંદર આયોજન કરેછે.

આ વરસે તા. ૨૧-૨-૨૦૦૮ થી તા. ૨૮-૨-૨૦૦૮ દરમ્યાન નવરંગપુરા, હોમગાર્ડ પરેડ ગ્રાઉન્ડ ખાતે સુંદર આયોજન સંપન્ન થયું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર માટે તા. ૨૪-૨-૦૮ નો દિવસ ફાળવવા માટે સંદેશના તંત્રી શ્રી ફાલ્ગુનભાઈએ વરિષ્ઠ પત્રકાર શ્રી બિપીનભાઈ શાહને આ સુંદર પ્રવૃતિ સોંપી હતી. જેઓશ્રીએ આપણા અમદાવાદ મંદિરના મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજીના સૂચનથી તેમના શિષ્ય નવ યુવાન શાસ્ત્રી ધર્મકિશોરદાસજીને આ અંગે વિસ્તૃત માહિતી આપીને જ્ઞાન-સંસ્કાર ઉત્સવને સફળ બનાવવા આયોજન નક્કી કર્યું.

તા. ૨૪-૨-૦૮ રવિવારના સાંજના ૫-૦૦ થી ૭-૩૦ દરમ્યાન નવરંગપુરાના હોમગાર્ડ પરેડ ગ્રાઉન્ડ ખાતે સુંદર સુશોભિત વિશાળ શમિયાણામાં હજારો હરિભક્તો અને પૂજ્યનીય વિદ્વાન સંતોની ઉપસ્થિતિમાં સૌ પ્રથમપ્રસિદ્ધ ગાયક કલાકાર શ્રી હસમુખભાઈ પાટડીયાની સંગીત ટીમે કીર્તન ભક્તિમાં નંદ સંતો રચિત અદ્‌ભુત કીર્તન ભક્તિનો આ સ્વાદ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્યથી પ્રારંભ થયો. ખરેખર આયોજન દાદ માંગી લે તેવું હતું. કીર્તન ભક્તિના કાર્યક્રમને વિરામઆપીને સંપ્રદાયના મૂર્ધન્ય લેખક સુપ્રસિદ્ધ કથાકાર પૂજ્ય શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીએ સતત ૩૦ મિનિટ સુધી અસ્ખલિત મનમોહક અને જ્ઞાન સભર મધુર વાણીમાં સંસ્કારનું મહત્વ, સંસ્કાર વગરનું જીવન, શિક્ષાપત્રીમાં મહારાજે આપેલ આજ્ઞાનું અનુસંધાન અનેક શાસ્ત્ર પુરાણના દાખલાઓ આપીને દ્રષ્ટાંત સહિત સમાજમાં વિદ્વતા કે સંસ્કાર મેળવવા ધર્મનો પાયો મજબૂત હોવો જરૂરી છે. પૂ. સ્વામીને સાંભળવા ભાઈઓ અને બહેનો સંપ્રદાયની મર્યાદામાં એક ચિત્તે સાંભળવા તનમ્ય બની ગયા હતા. ખરેખર પૂ. શાસ્ત્રી સ્વામીએ જડબેસલાક વક્તવ્ય આપીને આજના પ્રસંગને સફળ બનાવ્યો હતો.

પૂ. શાસ્ત્રી સ્વામીનું પ્રવચન પૂર્ણ થતાજ આપણા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત-મંડળ સાથે પધાર્યા ત્યારે શ્રી નરનારાયણદેવ - સ્વામિનારાયણ ભગવાન અને પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રીની જયનાદ સાથે સમગ્ર શમિયાણામાં દિવ્યતા પ્રસરી ગઈ.

ત્યારબાદ જેમણે આ આયોજનમાં ખૂબજ રસ લઈને ખૂબજ પરિશ્રમકરીને સંચાલન કર્યું છે તેવા આપણા મંદિરના નવયુવાન ઉત્સાહી કોઠારી શાસ્ત્રી ધર્મકિશોરદાસજીએ પોતાની માતૃભાષા હિન્દીમાં સુંદર વક્તવ્ય આપતા જણાવ્યું કે આજે આપણા દેશ, રાજ્ય અને સમાજમાં યુવા વર્ગને ધારદાર વાણીમાં સંબોધતા કહ્યું કે તમારા બાળકને તમે રોજે આંગળી પકડીને મંદિરે લઈ જવાની ટેવ પાડો. તેનું પરિણામ- ફળ શ્રુતિ તમે વૃદ્ધાવસ્થાએ પહોંચશો ત્યારે એ બાળક-પુત્ર તમારી આંગળી પકડીને તમને મંદિરે લઈ જશે. પણ આ ક્યારે બને ? જો સંસ્કાર વારસામાં મળે તો જ. ખરેખર આવા નવયુવાન સંત પાસે અપેક્ષા કરતા વધુ જાણવાનું પ્રાપ્ત કરવાનું મળ્યું. આવા સંતો થકી જ સંપ્રદાય ઉજળો છે. બન્ને વિદ્વાન પૂ. વક્તાશ્રીઓએ સંદેશ પરિવારના તંત્રીશ્રી ફાલ્ગુનભાઈ પટેલના આવા આયોજનને બિરદાવીને ધન્યવાદ આપ્યા હત્યા.

છેલ્લે આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ સાથે જણાવ્યું કે જ્ઞાન-સંસ્કાર પ્રાપ્ત કરવા માટે નાની એવી આપણી શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકમાંથી અમુક શ્લોકનું પાલન કરે તો સમાજમાં આપો આપ સંસ્કારમય વાતાવરણ ઉભુ થાય. આજે માણસ ભૌતિક સુખની પાછળ આંધળી દોટ મૂકે છે. મોટર, બંગલા, એરકન્ડીશન, ઊંચામાં ઊંચી છેલ્લામાં છેલ્લી મોડલની ગાડી લીધા પછી શું ? પરંતુ આ બધામાં જો ઈષ્ટદેવ - પરમાત્મા સાથે સંબંધ કેળવાય તો અપેક્ષા સિમિત થઈ જાય. ભજનની જ અપેક્ષા રહે. એમ જ્ઞાન-સંસ્કાર માટે ભગવાન સાથે રાખવા પડે. મંદિરે જવું સંતો થકી સારી વાતો સાંભળવી, સમાજમાં ઉપયોગી થવું. તો આપો આપ

સંસ્કાર મળવાના છે. અનેક દ્રષ્ટાંત-દાખલા સાથે પ.પૂ. મહારાજશ્રીએ સંસ્કાર-જ્ઞાન માટે સૂચન - માર્ગદર્શન આપીને રૂડા આશીર્વાદ આપ્યા. ત્યારબાદ આ આયોજનના સ્પોનસર અને પ.પૂ. મહારાજશ્રીના કૃપાપાત્ર પ.ભ. પ્રવિણભાઈ કોટક અને પત્રકારશ્રી બિપીનભાઈ શાહનું સન્માન કરી આશીર્વાદ આપ્યા.

આ પ્રસંગે અમદાવાદ મંદિરના મહંત સ્વામી, જેતલપુરના મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી આદિ અનેક સંત-મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આપણા અમદાવાદ અને આજુબાજુના ગામોના હરિભક્તો અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળના દરેક સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા. શ્રી ઉદયનભાઈ મહારાજાએ આભાર વિધિ કરી હતી.

(વી. પી. સ્વામી)

અમદાવાદ કાલુપુર મંદિર દ્વારા ગામડામાં થયેલી સત્સંગ સભાઓ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પરમપૂજ્ય મોટા મહારાજશ્રી આપણા સંતોને આપણા ગામડાઓમાં સત્સંગના પોષણ માટે અવાર-નવાર આજ્ઞા કરે છે. જે સંતો ગામડામાં સત્સંગની પ્રવૃત્તિ કરે છે તે સમાચાર પૂ. આચાર્ય મહારાજશ્રી જાણે ત્યારે તે સંત ઉપર અતિ રાજી થાય છે. આપણા કાલુપુર મંદિરના મહંત સ્વામીને પણ આ આજ્ઞાનું પાલન કેમથાય તે માટે તેમના નવયુવાન શિષ્ય શાસ્ત્રી ધર્મકિશોરદાસ અને શાસ્ત્રી માધવપ્રસાદદાસ (અયોધ્યા મહંત દેવ સ્વામીના શિષ્ય) વગેરે સંતોને ગામડાઓમાં સત્સંગ સભા કરવા પ્રેરણા આપી. જે અનુસંધાને ગત માસે ધોળકા પાસેના ચલોડા ગાંધીનગર પાસેના ધમીજ અમદાવાદના જીવરાજપાર્ક અને ઘાટલોડીયા મંદિર સાંજના સમયે હરિભક્તોના સમયની અનુકુળતામાં સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું માહાત્મ્ય, ધર્મકુળનું માહાત્મ્ય, સત્સંગીઓને ધર્મ-નિયમ, નિષ્ઠા અને દશાંશ વિશાંશ ધર્માદો કાઢવા માટે દ્રષ્ટાંત દાખલા સાથે શાસ્ત્રોના પ્રમાણ સાથે કથાવાર્તા - નિત્ય નિયમઅને કીર્તન-ભક્તિ મહા મંત્ર ધૂન, ઠાકોરજીને થાળ આરતી વગેરે કાર્યક્રમકરીને ઉપરોક્ત ગામોમાં અને શહેરમાં ભક્તજનોને ભક્તિ રસમાં તરબોળ કર્યા હતા.

(કોઠારી શાસ્ત્રી સ્વામી રામાનુજદાસજી)

નારણઘાટ મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ મંદિર નારણઘાટ ખાતે મહાવદ-૫ ને તા. ૨૬-૨-૦૮ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સર્વોપરિ શ્રી ઘનશ્યામમહારાજ આદિ સ્વરૂપોનો વેદ વિધિસર ષોડશોપચાર પાટોત્સવ-મહાભિષેક ધામધૂમથી સંપન્ન થયો હતો. મહંત સ્વામી દેવપ્રકાશદાસજીની પ્રેરણાથી અ.નિ.પ.ભ. વાલજીદાસ બાલચંદદાસ પટેલ (ગવાડાવાળા)ના પુત્ર પરિવારે સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન, અર્ચન, આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. પ્રાસંગિક સભામાં શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને નાના પી.પી. સ્વામી અને સંત મંડળે પ્રસંગોચિત પ્રવચન કરેલ. સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

હજારોની સંખ્યામાં ભક્તજનોએ પાટોત્સવ અને અન્નકૂટ દર્શન કરી ધન્ય બન્યા હતા.

(શા. રામકૃષ્ણદાસજી)

માણસા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દિવ્ય શાકોત્સવ

માણસા શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા અન્નપૂર્ણા પાર્ટીપ્લોટ ખાતે તા. ૧૩-૧-૦૮ રવિવારના વહેલી સવારના શાકોત્સવ અને સત્સંગ સભાનો સુભગ સમન્વય દ્રષ્ટિગોચર થતો હતો. સાધુ ચંદ્રપ્રકાશદાસ, સાધુ પૂર્ણપ્રકાશદાસ આદિ સંત મંડળે ધૂન-ભજન કીર્તન અને શા. સિધ્ધેશ્વરદાસ અને ઉનાવાના મહંત સ્વામીએ દેવ, આચાર્યશ્રીની મહિમા સભર, જ્ઞાન સભર વાતો કરી હતી.

મહંત શા. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીએ હળવી ચોટદાર શૈલીમાં શિક્ષાપત્રીની આજ્ઞા મુજબ દેવ-આચાર્યની વફાદારી રાખીને સત્સંગમાં ઓતપ્રોત થવા હાકલ કરી હતી. સભા સંચાલન પ.ભ. ઈશ્વરભાઈ પટેલે કુશળતા પૂર્વક કર્યું હતું. અંદાજે ૩૦૦૦ ઉપરાંત ભાવિકોએ શાકોત્સવને માણ્યો-જાણ્યો અને હૃદય સોંસરો ઉતારી જીવન સુફળ બનાવ્યું. આ પ્રસંગમાં બહેનોની સેવા માટે શું કહેવું? પણ ભાઈઓ ગાજાયા જાય તેવા ન હતા.

(શા. ભક્તિકેશવદાસ)

મહેસાણા મંદિરમાં ઉજવાયો ખીચડી ઉત્સવ

શાકોત્સવ તો દરેક જગ્યાએ થાય છે. પણ ખીચડી ઉત્સવ તો મહેસાણામાં જ થાય. બસો વર્ષ પૂર્વે સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને પાંચસો પરમહંસો સાથે મહેસાણામાં આંબલી ચૌટા-જોષીની ખડકીમાં પરમભક્ત કશળીબાઈનો મનોરથ પૂર્ણ કરવા સાંજે ખીચડી જમ્યા હતા. અને બીજા દિવસે એકાદશી હોવા છતાં પ્રભાતે સાંજની વધેલી ખીચડી પ્રેમભાવને વશ થઈ ભગવાને સંતો સહિત જમીને દિવ્ય લીલા કરી હતી. તેવીજ અદ્‌ભુત લીલા આજે તા. ૧૧-૧-૦૮ શુક્રવારના યોજવામાં આવી હતી. જેના ઉપલક્ષમાં સંપ્રદાયના મૂર્ધન્ય સુપ્રસિદ્ધ વક્તા કથાકાર પૂ. પી.પી. સ્વામીએ પોતાના સુમધુર કંઠે આ પ્રસંગને આબેહુબ વર્ણવ્યો હતો. અને સૌને તૃપ્તિ ત્યારે થઈ જ્યારે આપણા પ્રાણ પ્યારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા અને તેઓશ્રીના વરદ્ હસ્તે ખીચડીનો વઘાર થયો ત્યારે મહેસાણાનો હાઈવે વિસ્તાર દિવ્ય અને અલૌકિક બની ગયો હતો. મહેસાણા અને આજુબાજુના ગામોના હજારો મુમુક્ષુઓએ આવો મહાપ્રસાદનો લાભ લઈ આનંદિત થયા હતા. મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી અને શા. ઉત્તમપ્રિયદાસજીના માર્ગદર્શન અને પ્રેરણાથી આ મહોત્સવ ભવ્યતાથી ઉજવાયો.

(હિતેન્દ્રસિંહ રાઓલ મહેસાણા)

નવાવાડજ મંદિર

અત્રે વાડજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૮-૧-૦૮ ના રોજ પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

જેના મુખ્ય યજમાન પ.ભ. વાલજીભાઈ ધરમશીભાઈ ગાંગાણી (માણામોરાવાળા) તેમજ પટેલ કનુભાઈ પૂનાભાઈએ લાભ લીધો હતો. પ્રાસંગિક સભામાં નાના પી.પી. સ્વામીએ મહિમા સભર વાતો કરી હતી. આ પ્રસંગે હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. અહીં મંદિરમાં ધનુર્માસ પણ ધામધૂમથી ઉજવાયો હતો. *(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, નવાવાડજ)*

સાબરમતી શ્રી સ્વામિનારાયણ મંદિર

તા. ૨૩-૧૨-૦૭ના રોજ સાબરમતી સત્સંગ સમાજ તરફથી કોટેશ્વર ગુરુકુળ ખાતે દિવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે નાના પી.પી. સ્વામી અને શા. રામકૃષ્ણદાસે ભગવાનનું માહાત્મ્ય સમજાવ્યું હતું.

તા. ૭-૧-૦૮ સોમવારની વહેલી સવારે ૫-૪૫ કલાકે આપણા સૌના પ્રાણ પ્યારા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ધનુર્માસ ધૂનમાં પધારીને સૌ ભક્તજનોને અલૌકિક દર્શનનું સુખ આપ્યું હતું.

(રાવજીભાઈ ટી. પટેલ)

ઈડર સાપાવાડા મંદિરમાં જપયજ્ઞ

પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા ઈડરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી તથા સાપાવાડા મહંત સ્વામી સત્યસંકલ્પદાસજીની પ્રેરણાથી ઈડર તથા સાપાવાડામાં પવિત્ર ધનુર્માસમાં મોટી સંખ્યામાં હરિભક્તો બ્રાહ્મમૂહુર્તમાં જપયજ્ઞમાં જોડાયા હતા. સાબરકાંઠાની કડકડતી ઠંડીમાય મહામંત્ર ધૂનનો માહોલ ખૂબ ઉત્સાહજનક હતો. હરિભક્તોએ ભાવથી ધૂન લખાવીને જીવન સાર્થક બનાવ્યું હતું. *(અમૃતભગત ઈડર)*

સાબરકાંઠામાં શાકોત્સવ

પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ઈડર મહંત જગદીશપ્રસાદ સ્વામીની પ્રેરણાથી ઈડર દેશના મણીયોર, અરોડા, સાચોદર અને ઉમેદગઢના મંદિરોમાં ખૂબજ ધામધૂમથી શાકોત્સવ ઉજવ્યો હતો. હજારો ભાવિકોએ આ દિવ્ય લાભ લીધો હતો. આ પ્રસંગે સાપાવાડા, મહુદરા, હિંમતનગર વગેરે સ્થાનોથી પધારેલ સંતોએ આશીર્વાદ અને ભગવાનના માહાત્મ્યનો લાભ આપેલ.

(હરિભાઈ અરોડા)

વડુ મુકામે પ.પૂ. ગાદીવાળાશ્રીની શુભ નિશ્રામાં મહિલા સત્સંગ શિબિરનું આયોજન

દંઢાવ્ય પ્રદેશનું શ્રીજી મહારાજની પ્રસાદીનું અને સત્સંગના મોખરાના ગામકડી તાલુકાના વડુ ગામે તા. ૧૦-૨-૦૮ના રોજ આપણા સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની શુભ નિશ્રામાં મહિલા સત્સંગ શિબિરનું સુંદર આયોજન સંપન્ન થયું.

વડુ અને આજુબાજુના ડાંગરવા, કરજીસણ, ભવપુરા, રાજપુર, મોખાસણ આદિ ગામોના અંદાજે ૨૦૦૦ ઉપરાંત સત્સંગી બહેનો આ શિબિરમાં ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમસાંખ્યયોગી બહેનોએ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન્યથી શિબિરનો પ્રારંભ કર્યો. પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીનું શુભ આગમન થયું ત્યારે બહેનોના ઉમળકા ભર્યા સ્વાગત બાદ પૂ. ગાદીવાળાશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં બિરાજમાન થયા હતા. યજમાન ડહીબેન રામદાસ પોચીદાસ પટેલ પરિવારના બહેનોએ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. સભામાં સાંખ્યયોગી બહેનો અને કર્મયોગી બહેનોએ સંપ્રદાયની પરંપરા, શ્રી નરનારાયણદેવ ગાદીની નિષ્ઠા અને સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું માહાત્મ્ય મહિમા સહિત સમજાવ્યું હતું. અને સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા પ્રમાણે દરેક બહેનોએ પોતાના ગામમાં - મંદિરમાં વિશેષ સત્સંગ સભા, મંદિર ન હોય ત્યાં ઘર સભા કરવી અને મૂળ સંપ્રદાય અને શ્રી નરનારાયણદેવ ગાદી સિવાયના સાથે કોઈ નાતો ન રાખવો અને મંદિરમાં અન્યના ફોટા, કેલેન્ડર, પત્રિકા લગાડવું કે લગાડવા દેવું નહિ. તો જ આપણે શ્રી નરનારાયણદેવના સાચા હરિભક્તો કહેવાઈએ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ આશીર્વાદ આપીને આવી પ્રવૃત્તિ કરવા બદલ આયોજક બહેનોને ધન્યવાદ આપ્યા હતા. અને દરેક બહેનોને આવી પ્રવૃત્તિમાં જોડાવવા ખાસ આજ્ઞા કરી હતી. *(વડુગામસમસ્ત બહેનો)*

દેલવાડામાં ઉજવાયો શાકોત્સવ

દેલવાડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૪-૧-૦૮ ના રોજ શાકોત્સના ઉપક્રમે રાત્રે ૮-૩૦ કલાકે આયોજીત સત્સંગ સભામાં શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીએ ભગવાનનું માહાત્મ્ય, મહિમા સહિત સમજાવ્યું હતું.

તા. ૨૫-૧-૦૮ ને શુક્રવારના રોજ અત્રેના આનંદવાડી હોલમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. ગામના તમામહરિભક્તોએ આ શાકોત્સવને માણ્યો હતો.

આ પ્રસંગે પ્રાસંગિક સભામાં શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી અને માણસાના મહંત શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીએ સર્વોપરિ શ્રીહરિએ લોયામાં કરેલ શાકોત્સવની લીલા વર્ણવી હતી. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

શાકોત્સવમાં નારણભાઈ, અંબાલાલભાઈ, રેવાભાઈ, કિરીટભાઈ, તુલસીભાઈ, અમૃતભાઈ, ઘનશ્યામભાઈ,

બાબુભાઈ, ભરતભાઈ, રમેશભાઈ, મુકેશભાઈ, ભગુભાઈ માસ્તર, મણીકાકા ખાંડાવાલા, કાનજીભાઈ, ચંદુભાઈ અને પ્રહલાદભાઈ વગેરેએ સેવાનો લાભ લીધો હતો.

પ.ભ. મણીભાઈ ખાંડવાળાના સૌજન્યથી શ્રી સ્વામિનારાયણ માસિકના ૧૦ વંશ પરંપરાગત સભ્યો કરવામાં આવ્યા હતા. તેઓશ્રીએ આજ પર્યન્ત ૧૩૦૦ જેટલા વંશ પરંપરાગત સભ્યો પ્રતિનિધિની સેવા રૂપે કરીને સૌને પ્રેરણા થાય તેવી પ્રવૃતિ કરી છે.

(કોઠારીશ્રી, દેલવાડા)

બાલાસિનોર મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં વસંત પંચમીના શિક્ષાપત્રી જયંતી નિમિત્તે ઠાકોરજીનો અભિષેક કરી પૂજન-અર્ચન આરતી સાથે શિક્ષાપત્રી ૨૧૨ શ્લોકનું પઠન શા. સ્વામી વિશ્વસ્વરૂપદાસે કર્યું હતું.

સાંજે ૪ કલાકે ઠાકોરજીની વિજય સવારી હરિભક્તોના વિશાળ સમૂહ સાથે શહેરના રાજમાર્ગો પર નીકળીને સાંજે મંદિર ધૂન-કીર્તન કરતા પરત ફરી હતી. મંદિરમાં મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ. જેમાં રમેશ ભગત અને હાર્દિક ભગતે સેવા બજાવી હતી.

(કોઠારીશ્રી)

અમરાઈવાડી મંદિર

શ્રી સ્વામિનારાયણ મંદિર અમરાઈવાડી ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજીની પ્રેરણાથી શા. વિશ્વસ્વરૂપદાસે ઠાકોરજીના પાટોત્સવ પ્રસંગે અભિષેક, મહાપૂજા, અન્નકૂટ આદિ પ્રસંગો થયા હતા.

પ્રાસંગિક સભામાં શા. વિશ્વસ્વરૂપદાસ, ધરિયાવદના મહંત સ્વામી આદિ સંતોએ પ્રેરક પ્રવચન કર્યું હતું. મુક્તરાજ સ્વામી અને સત્યસ્વરૂપદાસજીની સેવા પ્રેરણારૂપ હતી. *(કરણ ભગત)*

નાંદોલ મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી નાંદોલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીનો ૩ જો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે પૂ. ધ્યાની સ્વામી સંત મંડળ સાથે એક દિવસ પહેલા પધાર્યા હતા. અને રાત્રે સત્સંગ સભા યોજી હતી.

પાટોત્સવના શુભ દિવસે પૂ. ધ્યાની સ્વામીએ પ્રાતઃ ઠાકોરજીને પંચામૃત, અભિષેક, મહાપૂજા, આરતી બાદ અન્નકૂટ ધરાવ્યો હતો. ઠાકોરજીનો અન્નકૂટ સત્સંગી બહેનોએ પ્રેમ અને શ્રધ્ધાથી સ્વયં પવિત્ર રીતે બનાવેલ. પાટોત્સવના યજમાન પ.ભ. નયનાબેન મહેશભાઈ પટેલ રહ્યા હતા.

પ્રાસંગિક સભામાં પૂ. ધ્યાની સ્વામીએ દેવ-આચાર્યના મહિમા સાથે સૌને મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવા અનુરોધ કર્યો હતો. યજમાન પરિવાર અને સેવાભાવી હરિભક્તોનું સ્વામીએ ફુલહારથી સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા. *(કોઠારી વિષ્ણુભાઈ પટેલ)*

ગુલાબપુરા

ગુલાબપુરા ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અ.નિ. પૂ. શા. સ્વામી હરિસ્વરૂપદાસજી તથા અ.નિ. સ્વામી કૃષ્ણજીવનદાસજીની દિવ્ય પ્રેરણાથી અ.નિ.પ.ભ. કાલીદાસભાઈના પુણ્ય સ્મરણાર્થે તેમના ધર્મપત્ની ગં.સ્વ. નાથીબાના સંકલ્પથી તેમના પરિવારે શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ શા. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંત)ના વક્તાપદે અને સંહિતા પાઠના વક્તા શા. શ્રીજીપ્રકાશદાસજી (શોકલી) રહ્યાં હતા.

આ પ્રસંગે તા. ૨૦-૧-૦૮ના રોજ યજમાન પરિવારના આમંત્રણથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે દબદબાભર્યું સ્વાગત સામૈયું ગામના સર્વે હરિભક્તોએ કર્યું હતું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી બન્ને મંદિરોમાં આરતી ઉતારીને સભામાં પધાર્યા હતા. અને પારાયણની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. યજમાન પરિવારના શ્રી ગાંડાભાઈ, શ્રી સોમાભાઈ, શ્રી અમૃતભાઈ અને શ્રી વિષ્ણુભાઈએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં રૂા. ૧ લાખ રોકડા અર્પણ કર્યા હતા. વિદ્વાન સંતોએ પ્રેરણાત્મક પ્રવચન કર્યું હતું. મા. શ્રી મંગળભાઈ પટેલ આ પ્રસંગે પધાર્યા હતા અને પૂ. મહારાજશ્રીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

આ જ્ઞાનયજ્ઞમાં રઘુવીર સ્વામી, મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, મહંત જગદીશ સ્વામી, સાપાવાડા મહંત, શ્યામસ્વામી, શા. ભક્તિ સ્વામી આદિ સંત મંડળે પાંચ દિવસ માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. સભા સંચાલન શા. છપૈયાપ્રસાદદાસે કર્યું હતું. યજમાન પરિવાર તરફથી સૌને પ્રસાદ જમાડવામાં આવેલ.

(ગાંડાભાઈ કોઠારી)

મોડાસામાં કથા

પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે મંદિરમાં શા. હરિજીવનદાસજીએ અને શા. વિશ્વસ્વરૂપદાસે કથાનો સુંદર લાભ આપી સર્વોપરિ શ્રીહરિનું માહાત્મ્ય કથામાં સમજાવ્યું હતું. હરિભક્તોએ પણ આનંદપૂર્વક લાભ લીધો હતો.

(કોઠારી નારણભાઈ પટેલ)

વણઝર (સરખેજ) મંદિરમાં શાકોત્સવ

તા. ૨૬-૧-૨૦૦૮ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર વણઝર ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે સૌ પ્રથમગામમાં પ્રજાસતાક દિન નિમિત્તે ધ્વજવંદન થયું હતું. ત્યારબાદ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી શાકોત્સવ પોતાના વરદ્ હસ્તે ઉજવ્યો હતો.

આ પ્રસંગે આયોજીત સભામાં સ્વામી બાળકૃષ્ણદાસજી અને સત્યસંકલ્પદાસે શ્રીજી મહારાજની મહિમા સહિત વાતો કરી હતી. સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રીએ આશીર્વાદ આપ્યા હતા. શ્રી રાજુભાઈ, પ્રકાશભાઈ, રમણભાઈ અને શ્રી ભરતભાઈ ઠક્કરે આ પ્રસંગમાં સુંદર સેવા બજાવી હતી. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. *(રાજુભાઈ ઠક્કર)*

જીવરાજપાર્ક મંદિર શાકોત્સવ

તા. ૨૦-૧-૦૮ ના રોજ જીવરાજપાર્ક શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા.

પ્રાસંગિક સભામાં શા.હરિકૃષ્ણદાસજી તથા શા. રામસ્વામીએ પ્રસંગોચિત પ્રવચન કહ્યું હતું. ત્યારબાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સૌ ભક્તજનોને આશીર્વાદ પાઠવ્યા હતા. સભા બાદ શાકોત્સવનો સ્વયં વધાર કરીને અલૌકિક શાકોત્સવ ઉજવ્યો હતો.

આ પ્રસંગે સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંત) વી.પી. સ્વામી (જેતલપુર) નાના પી.પી. સ્વામી આદિ સંત મંડળે પધારીને લાભ આપ્યો હતો. હરિભક્તોએ શાકોત્સવનો દિવ્ય લાભ લઈ ધન્ય બન્યા. *(ભરતભાઈ ઠક્કર)*

ચલોડા (જીતબાનું)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે મંદિરમાં ધનુર્માસમાં સતત એક કલાક મહામંત્ર ધૂન્ય - ભજન - કીર્તન આદિ કરવામાં આવ્યા હતા. તા. ૪-૧-૦૮ના રોજ ધોળકા મંહત શા. સ્વામી પૂર્ણપ્રકાશદાસજીએ સંત મંડળ સાથે પધારીને કથા વાર્તાનો લાભ આપ્યો હતો.

તા. ૧૮-૧-૦૮ના રોજ જેતલપુર વાડીના સંતો અને તા. ૧૯-૧-૦૮ના રોજ અમદાવાદ મંદિરના કોઠારી શા. ધર્મકિશોરદાસજી તથા શા. માધવ સ્વામી (અયોધ્યાવાળા) એ સત્સંગ સભામાં પધારીને એકાદશીનું મહિમા - માહાત્મ્ય, ધર્મ એટલે શું ? સત્સંગી કોને કહેવાય ? વગેરે વિશે મનનીય અને સૌને સમજાય તેવું વક્તવ્ય આપ્યું હતું. છેલ્લે ઠાકોરજીની ધૂન અને આરતી કરીને સંત મંડળે વિદાય લીધી હતી. *(જયંતિભાઈ પટેલ)*

લાલોડા મંદિરમાં કથા પારાયણ

સાબરકાંઠાના ઈડર તાલુકાના લાલોડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા લાલોડાના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામજીવનદાસજીની પ્રેરણાથી તેમના શિષ્ય અ.નિ. સ.ગુ. સ્વામી મોહનપ્રસાદદાસજીના સ્મરણાર્થે તા. ૯-૨-૦૮ થી ૧૫-૨-૦૮ પર્યન્ત પૂ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીના વક્તાપદે શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ યોજવામાં આવી હતી. સહિંતા પાઠમાં શાસ્ત્રી સ્વામી ભક્તિવલ્લભદાસજી બિરાજ્યા હતા. સભા સંચાલન શા. ભક્તિપ્રકાશદાસજી (ગુરુ પૂ.પી.પી. સ્વામી) કર્યું હતું. આ પ્રસંગે સાતેય દિવસ ગામસમસ્ત અને મહેમાનોને બન્ને સમય પ્રસાદ જમાવડવામાં આવ્યા હતા. અમદાવાદ થી પ.પૂ. મોટા મહારાજશ્રી, પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી અને બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. શ્રીહરિના અપર સ્વરૂપના દર્શન આશીર્વાદથી સંત-હરિભક્તોને અલૌકિક સુખ મળ્યું હતું. સમગ્ર ઉત્સવમાં પૂ. ઘનશ્યામજીવનદાસજીના શિષ્યો સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સ્વામી બાળકૃષ્ણદાસજી અને જેતલપુરથી શ્યામસ્વામી નાથદ્વારાના મહંત ધર્મસ્વરૂપદાસજી સ્વામી આદિ સંત મંડળની સેવા અદ્‌ભુત હતી.

(શા. માધવ સ્વામી, જેતલપુર)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

હરિપર શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું)

સર્વોપરિ શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મરધાબાની પ્રેરણાથી સત્સંગની વિશેષ જાગૃતિ માટે તા. ૨૩-૧-૦૮ થી તા. ૨૭-૧-૦૮ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સાંખ્યયોગી કોકીલાબા (ગુ. સાં. કમળાબા)ના વક્તાપદે થઈ હતી.

આ પ્રસંગે તા. ૨૭-૧-૦૮ના રોજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને સૌ પ્રથમમંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને કથાની પૂર્ણાહુતિ કરીને દિવ્ય શાકોત્સવનો વધાર કરીને બહેનોને અકલ્પનિય મહાસુખ આપીને અતિ પ્રસન્ન થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. સાંખ્યયોગી અને કર્મયોગી બહેનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. *(દેવિકાબેન શુકલ)*

પાટડી મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૬-૧-૦૮ રવિવારના સમસ્ત ગામના હરિભક્તોએ મળી શાકોત્સવ ઉજવ્યો હતો. આ પ્રસંગે શા. રામકૃષ્ણદાસ ને સંત મંડળે સર્વોપરિ શ્રીજી મહારાજ અને શ્રી નરનારાયણદેવ - આચાર્ય મહારાજશ્રીનું મહિમા સહિત માહાત્મ્ય સમજાવ્યું હતું. સાંખ્યયોગી બહેનોએ સુંદર સેવા કરીને સમસ્ત ગામને પ્રસાદ જમાડ્યો હતો. *(નારાયણજીભાઈ ડાભી)*

વિદેશ સત્સંગ સમાચાર

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર (I.S.S.O., U.S.A.)

અમેરિકાના કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ધનુર્માસના છેલ્લા દિવસે સમૂહ મહાપૂજા યોજવામાં આવી હતી. સવારે ૯ થી ૧૨ દરમ્યાન સમૂહ પૂજા સંસ્કૃતના શ્લોકો સાથે વિધિવત થઈ હતી. સમગ્ર મંદિર ઉત્તરાયણના તહેવારના કારણે પતંગોથી શોભાયમાન લાગતું હતું. આખો હોલ યજમાનોથી ભરાઈ ગયો હતો. સ્વામીએ ઉત્તરાયણ પર્વના માહાત્મ્ય સાથે ધનુર્માસની પૂર્ણાહુતિ કરી હતી. દાન-પુણ્યનું આજે ખૂબજ મહત્વ અને માહાત્મ્ય છે. તેવું શાસ્ત્રોના વિધાન સાથે સ્વામીએ સરળ ભાષામાં સમજાવ્યું હતું. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લઈ કૃતાર્થ થયા હતા. *(પ્રવિણભાઈ શાહ)*

લેસ્ટર શ્રી સ્વામિનારાયણ મંદિર (I.S.S.O., U.K.)

આપણા લેસ્ટર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૨-૨-૦૮ ના ભવ્ય શાકોત્સવ ભક્તિ મહિલા મંડળના સહયોગથી ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પૂજારીશ્રીએ શાકોત્સવની લીલા અદ્‌ભુત રીતે વર્ણવી હતી. ઠાકોરજીના દર્શન આજે સ્વયં શાકોત્સવ કરતા હોય તેવા અલૌકિક થતા હતા. જેના યજમાન પ.ભ. વિનોદભાઈ લક્ષ્મણભાઈ ચૌહાણ પરિવાર (શ્રીજી ટેલર્સ) રહ્યા હતા. રાત્રે ૮-૦૦ કલાકે ઠાકોરજીની આરતી સાથે ઉત્સવ પૂર્ણ થયો હતો. હરિભક્તોએ વિશાળ સંખ્યામાં આવો અલૌકિક લાભ લીધો હતો.

તા. ૮-૨-૦૮ થી તા. ૧૦-૨-૦૮ પર્યન્ત વસંત પંચમી શિક્ષાપત્રી જયંતી નિમિત્તે પૂજારીશ્રી રસિકભાઈ જાનીએ શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્યનું કથામૃત પાન કરાવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય યજમાન પ.ભ. રણછોડભાઈ ગંગદાસભાઈ ચોટલીયા પરિવાર અને સહ યજમાન પ.ભ. પાર્વતીબેન કેન ઓવરડન રહ્યાં હતા. તા. ૧૧-૨-૦૮ શિક્ષાપત્રી જયંતી વસંત પંચમીના શિક્ષાપત્રીનું પૂજન-અર્ચન આરતી હરિભક્તોએ સમૂહમાં કરી હતી. આ પ્રસંગનું કવરેજ યુ.કે. આસ્થા ચેનલના રિપોર્ટરે કરીને સૌને દર્શન કરાવ્યા હતા. યજમાન પરિવારોનું સન્માન શ્રી જીવરાજભાઈ ટાંકે કર્યું હતું. અને વક્તાશ્રીનું સન્માન મંદિરના કાર્યવાહક કમિટીના સભ્યોએ કર્યું હતું. ઘણાજ હરિભક્તોએ દર્શન કરી લાભ લઈ ધન્ય બન્યા હતા. *(કિરણભાઈ ભાવસાર)*

સીડની (I.S.S.O. ઓસ્ટ્રેલીયા) મંદિર

ઓસ્ટ્રેલીયાના સીડની આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સત્સંગની સુંદર પ્રવૃત્તિ ચાલે છે. ડિસેમ્બર અને જાન્યુઆરી માસમાં નીચેના હરિભક્તો તરફથી સત્સંગ સભા થઈ હતી.

તા. ૨-૧૨-૦૭ પ.ભ. ધર્મેશ વડોદરીયા, તા. ૯-૧૨-૦૭ પ.ભ. બિપીનભાઈ પટેલ, તા. ૧૬-૧૨-૦૭ પ.ભ. દિપકભાઈ પટેલ, તા. ૨૩-૧૨-૦૭ પ.ભ. રિતેષ તથા મિતલ, તા. ૩૦-૧૨-૦૭ પ.ભ. મનોજ તથા પ.ભ. કેવલ ભારદ્વાજ વગેરે હરિભક્તો સત્સંગ સભામાં યજમાન બનીને સમૂહમાં કથાવાર્તા, ધૂન-ભજન, નિત્ય નિયમઅને ઠાકોરજીને થાળ આરતી કર્યા હતા.

તા. ૧-૧-૦૮ ના રોજ આપણા મંદિરમાં ઠાકોરજીનો ત્રીજો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે પધારેલા આપણા ભુજ મંદિરના સંતો સ્વામી હરિજીવનદાસ, સ્વામી ઘનશ્યામજીવનદાસજી અને સ્વામી વિજ્ઞાનદાસે કેશર, ચંદન આદિ પંચામૃતથી શ્રીહરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર અભિષેક કરીને મહા આરતી ઉતારીને દર્શનનો દિવ્ય લાભ આપ્યો હતો. પ્રાસંગિક સભામાં સંતોએ સર્વોપરિ શ્રીહરિનું માહાત્મ્ય અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનો મહિમા સાથે કથાનો મહા લાભ આપ્યો હતો. પાટોત્સવના યજમાન પ.ભ. અંજલેશભાઈ પટેલ બન્યા હતા.

તા. ૬-૧૦-૦૮ ના આયોજીત સભાના યજમાન શ્રી શેલેષભાઈ તથા ભાવિનીબેન પટેલ બન્યા હતા. ઉત્તરાયણ મહોત્સવ પણ હર્ષભેર ઉજવ્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ પ્રવૃત્તિ સુંદર ચાલે છે.

(તેજશ બી. પટેલ)

ઓલપાડમાં સત્સંગ સભા

અહીંયા ઓલપાડમાં શ્રીજી મહારાજ નંદ સંતો સાથે પધારેલા તેથી તે સ્થાન અતિ દિવ્ય ને તીર્થ ભૂમિગણાય. પ.પૂ. મોટા મહારાજશ્રીએ પણ અહીં પધારીને હાલારવાસી ભક્તોને દર્શનનું સુખ આપ્યું છે.

પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી દર ગુરુવારના જુદાં જુદાં હરિભક્તોને ઘેર સત્સંગ સભા કરીને કથા-વાર્તા, રહસ્ય વચનામૃત, નિત્ય, નિયમ-થાળ-આરતી વગેરે કરવામાં આવે છે. મૂળ સંપ્રદાયની પરંપરા અને મૂળીશ્રી રાધાકૃષ્ણદેવ અને આચાર્ય મહારાજશ્રીની વફાદારી હાલારના પ્રત્યેક હરિભક્તોમાં વસેલી છે. પ.પૂ. મોટા મહારાજશ્રી સતત હરિભક્તોને આશીર્વાદ આપી બળ આપે છે.

(શાંતિલાલ વરૂ)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦ શ્રી જિજ્ઞેશભાઈ લાલજીભાઈ પટેલ પુણ્ય એન્ટરપ્રાઈઝ બિજનેશ નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦ શ્રી તારાબેન લાલજીભાઈ પટેલ ચિ. મિતના જન્મપ્રસંગે	સઈજ
૧૦૧-૦૦ શ્રી મુકતાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી જગદીશ બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી ભરત બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી કીર્તિકુમાર બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	યુ.એસ.એ.
૧૦૧-૦૦ શ્રી મહેન્દ્રકુમાર બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી દિલીપ બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામજગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી જય કીર્તિકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ યુ.એસ.એ.
૧૦૧-૦૦ શ્રી હાર્દિક દિલીપકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૫૦૧-૦૦ શ્રી શાંતાબેન પ્રહલાદભાઈ પટેલ પૌત્રના વિદેશ પ્રવાસ નિમિત્તે	સોજાવાળા
૧૦૧-૦૦ શ્રી ભૂદરભાઈ વાલજીભાઈ તલસાણીયા જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી વિશાલ રમેશચંદ્ર કોઠારી જન્મદિને ગાડી લીધી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી રિતેષકુમાર હરિકૃષ્ણભાઈ કાછીયા ભાણાભાઈના જન્મદિન નિમિત્તે	રાબડીયા
૨૦૦-૦૦ શ્રી બાબુભાઈ ઈશ્વરભાઈ પટેલના સ્મરણાર્થે	વાવોલ
૧૦૧-૦૦ શ્રી મનુભાઈ પી. ભાવસાર અક્ષરવાસ નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી વી. કે. ચૌધરી શુભ સંકલ્પ નિમિત્તે	માણેકપુર
૧૦૧-૦૦ શ્રી કનુભાઈ શાંતિલાલ કાછીયા નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી ધવલકુમાર ઉમેદભાઈ પટેલ સી.એ. ફાઈનલમાં પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી અમૃતલાલ મગનલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી અશોકકુમાર અમૃતલાલ ભાવસાર નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	મેઉવાળા
૧૦૦-૦૦ શ્રી મનસુખભાઈ વિરજીભાઈ વેગડ ચિ. કીર્તિબેનના લગ્ન પ્રસંગે	સુરત
૧૦૧-૦૦ શ્રી શાનુબેન વસંતભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	ઊંઝા
૫૦૧-૦૦ શ્રી રંજનબેન હિંમતલાલ સોનીના સ્મરણાર્થે	(રળોલવાળા) લીંબડી
૨૫૧-૦૦ શ્રી દિનેશભાઈ નારણભાઈ પટેલ સ્વાસ્થ્ય સારું થયું તે નિમિત્તે	(દેલવાડાવાળા) રાણીપ
૧૦૦-૦૦ શ્રી પુનિતકુમાર કમલેશભાઈ સાપરીયા પ્રથમજન્મદિન નિમિત્તે	સુરત (ધૂળકોટ)
૫૦૧-૦૦ શ્રી રાવજીભાઈ તળશીભાઈ પટેલ ચિ. જિગર અને પરાગના લગ્ન પ્રસંગે	સાબરમતી (પોર)
૧૦૧-૦૦ શ્રી રમાબેન તથા રીટાબેન ટાંક શ્રીજી પ્રસન્નાર્થે	મીરારોડ મુંબઈ
૧૫૧-૦૦ શ્રી બાબુભાઈ પરસોત્તમદાસ પટેલ ચિ. જયકૃષ્ણના લગ્ન પ્રસંગે	આણંદપુરા
૧૦૦-૦૦ શ્રી જયંતીભાઈ વાલજીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સુરત
૧૦૦-૦૦ રાજ ઓટો એન્ડ ટ્રેકટર્સ સ્પેરર્સ નવી દુકાન કરી તે નિમિત્તે	સુરત
૧૦૧-૦૦ શ્રી વલ્લભભાઈ ખેમાભાઈ પટેલ શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો તે નિમિત્તે	વસઈ ટીંબા
૧૫૧-૦૦ શ્રી હિરાબેન કાળીદાસ પટેલના સ્મરણાર્થે	નાંદોલ
૨૫૧-૦૦ શ્રી નૈનાબેન રમેશભાઈ બાબુભાઈ પટેલ ઓસ્ટ્રેલીયાના પ્રવાસ પ્રસંગે	અડાલજ
૨૦૧-૦૦ શ્રી બિપીનભાઈ મનસુખભાઈ ટાંક ચિ. પ્રવિણના લગ્ન નિમિત્તે	કાંદીવલી મુંબઈ
૧૦૧-૦૦ શ્રી રેવાભાઈ રણછોડભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સુકાટીંબા
૫૦૧-૦૦ શ્રી છોટાભાઈ મોતીભાઈ પટેલ નવો બોર બનાવ્યો તે નિમિત્તે	ખેરોલ
૧૦૦-૦૦ શ્રી જસુભાઈ નારણભાઈ પટેલ ચિ. વર્ષાબેનના લગ્ન નિમિત્તે	ખેરોલ

૧૦૦-૦૦ શ્રી કેશાભાઈ બેચરભાઈ ચૌધરી નવું મકાન બનાવ્યું તે નિમિત્તે	બાપુપુરા
૧૦૦-૦૦ રુદ્ર સંદિપકુમાર પટેલ બાબરી ઉતરાવી તે નિમિત્તે	ઉવારસદ
૧૦૦-૦૦ માહિ સુહાગભાઈ પટેલ પ્રથમજન્મદિન નિમિત્તે	ઉવારસદ
૧૦૦-૦૦ અ.નિ. શ્રી કાલીદાસ નરસીદાસ અને ગં.સ્વ. નાથીબા નિમિત્તે પારાયણ કરાવી તે નિમિત્તે	ગુલાબપુરા
૧૦૦-૦૦ શ્રી સોમાભાઈ નરસીદાસ પટેલ જીવતચર્યા નિમિત્તે	ગુલાબપુરા
૧૦૧-૦૦ શ્રી હસમુખભાઈ પ્રહલાદભાઈ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી રચનાબેન મહેન્દ્રભાઈ તા. ૨૮-૧-૦૮ લગ્ન પ્રસંગે	જામળાવાળા
૧૦૧-૦૦ શુભ વિષ્ણુભાઈ પટેલ નવું એકટીવા લીધું તે નિમિત્તે	સોજાવાળા
૧૦૧-૦૦ શ્રી બાબુભાઈ રણછોડદાસ પટેલ પ.પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી નિમિત્તે	માણસાવાળા
૧૦૧-૦૦ શ્રી દિવ્યકુમાર હિતેશકુમાર કાછીયા બાબરી ઉતરાવી તે નિમિત્તે	બાલાસિનોર
૧૦૧-૦૦ શ્રી વસંતીબેન બાલાભાઈ પ્રજાપતિ શ્રી નરનારાયણદેવની કૃપાથી સ્વાસ્થ્ય સારું થયું તે નિમિત્તે	પાટડી
૧૦૧-૦૦ વ્રજ નિમેષ પટેલ જન્મદિન નિમિત્તે	ઊંઝાવાળા
૧૦૧-૦૦ શ્રી નિમેષ વિનોદભાઈ પટેલ ચિ. રુદ્રની બાબરી નિમિત્તે	કુહા
૧૦૦-૦૦ શ્રી ભૂપેન્દ્રકુમાર રામાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા
૧૦૧-૦૦ શ્રી નિતીનકુમાર વાસુદેવભાઈ જોશી ચિ. બિનલની સગાઈ નિમિત્તે	કોઠંબા
૧૦૧-૦૦ વૃંદ ગાંર્લિક પટેલ જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી અજમલભાઈ એમ. જાદવ ચિ. ઝલક તથા વંદનાના લગ્ન પ્રસંગે	રતનપર
૧૦૧-૦૦ શ્રી અનીલભાઈ અમથાલાલ મહેતા નવી મારૂતિ ગાડી લાવ્યા તે નિમિત્તે	સેટેલાઈટ
૫૦૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ એમ. ત્રિવેદી શ્રી નરનારાયણદેવે ઈચ્છા પુરી કરી તે નિમિત્તે	ગાંધીનગર
૧૦૦-૦૦ શ્રી અંકિતકુમાર રાજીવકુમાર પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૨૧૧-૦૦ શ્રી પ્રકાશ તથા મોનીકાના લગ્ન પ્રસંગે	હાંસોલ
૧૦૧-૦૦ શ્રી કનુભાઈ ભલાભાઈ પટેલ અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	ઉવારસદ
૨૫૧-૦૦ શ્રી ઉમંગ ભીમજી કરશન ઝીણા જેસાણીનું સગપણ દીના વિસરામહિરજી ભુડીયા સાથે થયું તે નિમિત્તે	(બળદીયા - લંડન)
૧૦૧-૦૦ શ્રી છગન મુરજી રાઠોડ ચિ. દર્શનના જન્મદિન નિમિત્તે	વિર્લેપાર્લે મુંબઈ
૧૫૧-૦૦ એક હરિભક્ત વાર્ષિક પુણ્ય તિથિ નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી મિતેશકુમાર અરવિંદભાઈ સોની જન્મદિન નિમિત્તે	સુરેન્દ્રનગર
૧૦૧-૦૦ શ્રી ગૌરાંગકુમાર અશ્વિનભાઈ પટેલ લગ્ન પ્રસંગે	સીમલીકંપા
૨૦૧-૦૦ શ્રી ધિરેન મનુભાઈ પટેલ નવો પ્લોટ લીધો તે નિમિત્તે	(કુબડથલવાળા)
૧૦૦-૦૦ શ્રી ભગવાનભાઈ ત્રિભોવનદાસ પટેલ ચિ. સચિનના લગ્ન પ્રસંગે	સાંકાપુરા
૧૦૦-૦૦ શ્રી રમેશભાઈ ત્રિભોવનદાસ પટેલ નવી મોટેલ લીધી તે નિમિત્તે	હ્યુસ્ટન
૧૫૧-૦૦ શ્રી મુકેશભાઈ બકુભાઈ પરમાર સિધ્ધિ કો.ઓ. બેંકમાં મેનેજર તરીકે નિમાયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી નિહાર દેવલ પટેલ જન્મદિન નિમિત્તે	વસ્ત્રાપુર
૫૦૧-૦૦ શ્રી નારણભાઈ મનસુખભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	ગોઠીબવાળા
૧૦૧-૦૦ શ્રી જસવંતસિંહજી અમથાજી ડાભી ચિ. પ્રિયંકાકુંવરબાના લગ્ન પ્રસંગે	ગાંધીનગર-ડાંગરવા
૧૦૧-૦૦ શ્રી હરિકૃષ્ણ શાંતિલાલ વરૂ નવું હોન્ડા લીધું તે નિમિત્તે	જીરાગઢ-ઓલપાડ
૨૦૧-૦૦ દર્શ રૂતુલ ગીરીશભાઈ પટેલ ઠાકોરજીને થાળ-સંતોને રસોઈ નિમિત્તે	મિરોલી
૫૦૦-૦૦ શ્યામલેઅર કન્ટ્રકશન (શ્રી રમેશભાઈ મેવાડા) શ્રીજી પ્રસન્નાર્થે	બાપુનગર
૧૦૧-૦૦ શ્રી પશીબેન સોમાભાઈ પટેલ પલાસડા શ્રીજી પ્રસન્નાર્થે	ઊંઝા
૧૦૦-૦૦ શ્રી રાજુભાઈ ભલાભાઈ પટેલ અમદાવાદ સમ્રાટનગરમાં નવું મકાન લીધું તે નિમિત્તે	કનીપુર
૧૦૧-૦૦ શ્રી પરેશકુમાર જે. ભાવસાર નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ

૧૦૧-૦૦ શ્રી અમિતકુમાર જે. ભાવસાર નવો ધંધો શરૂ કર્યો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ભરતભાઈ તથા સુજલ ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦ શ્રી અમિતકુમાર ચતુરભાઈ પટેલ ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે	ગવાડા
૧૦૧-૦૦ શ્રી મૃદુલાબેન ભૂપેન્દ્રકુમાર પાઠક લગ્ન તિથિ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ રતીલાલ ઠક્કર ચિ. કૃણાલના જન્મનિમિત્તે	કલોલી
૧૦૧-૦૦ શ્રી ચંદુભાઈ બી. સોની પૌત્ર ચિ. પાર્થના શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી જસ્મિન દિનુભાઈ અમીન વિશ્વાસ ઓટો પાર્ટસ નવી દુકાનના ઉદ્‌ઘાટન નિમિત્તે	દહેગામ
૧૦૦-૦૦ શ્રી અમૃતલાલ મગનલાલ મોદી વસંત પંચમીના જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ ફાલ્ગુન બિપીનભાઈ ટાંક પ.પૂ. મોટા મહારાજશ્રીએ નામપાડ્યું તે નિમિત્તે	જીરાગઢ
૧૦૧-૦૦ શ્રી ગોરધનભાઈ વી. સીતાપરા ચિ. નિર્મલને બેકરેલ કાું. (રિલાયન્સ ગૃપ) નવી મુંબઈ ખાતે નોકરી મળી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી વિનયકાંત નટવરલાલ ઠક્કર શ્રીજી પ્રસન્નાર્થે	બોપલ
૧૫૧-૦૦ શ્રી જે. જે. ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી હરિકૃષ્ણ જે. ભાવસાર જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી મહેશકુમાર નારાયણદાસ પટેલ લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે	સોજાવાળા
૧૦૧-૦૦ શ્રી અમરબેન કરશનભાઈ પરમાર ચિ. તમન્નાના જન્મદિન નિમિત્તે	ટીંબાવાળા
૧૫૧-૦૦ શ્રી ઈશ્વરલાલ અમરશી પિત્રોડા નવું કાયનેટીક એસ.વાય.એસ. ન્યુ ફલાઈટ લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી ગૌરાંગ ગોવિંદભાઈ કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	કોઠંબા
૧૦૧-૦૦ શ્રેયસ શૈલેષભાઈ કાંતિભાઈ પટેલ બી. ફાર્મમાં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦ શ્રી ભાવેશભાઈ વિષ્ણુભાઈ પટેલ અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦ શ્રી પુષ્પાબેન હસમુખભાઈ પટેલ ચિ. વિશાલના લગ્ન પ્રસંગે	દહેગામ
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ પટેલ લગ્ન પ્રસંગે ભેટ (હ. પૂનમભાઈ શંકરભાઈ પટેલ)	ચલોડા
૧૦૧-૦૦ શ્રી નારણભાઈ બબલદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૫૧-૦૦ શ્રી મિતા ઈશ્વરભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	મેમનગર
૧૦૧-૦૦ શ્રી જતીન ઠાકોરભાઈ અમીન શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ

આપણા આગામી ઉત્સવો

ચૈત્ર સુદ-૯ તા. ૧૪-૪-૦૮ સોમવાર રામનવમી સમૈયો સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાગટ્ય દિન અમદાવાદ અક્ષરભુવન ઘનશ્યામમહારાજનો પાટોત્સવ - અભિષેક અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્‌ હસ્તે ધામધૂમથી ઉજવાશે.

ચૈત્ર વદ-૩ ત્રીજ તા. ૨૩-૪-૦૮ બુધવાર પ.પૂ. મોટા મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં સંત-હરિભક્તો ધામધૂમથી ઉજવશે.

ફાગણ વદ-૮ તા. ૩૦-૩-૦૮ રવિવાર જેતલપુર ધામમાં બિરાજમાન સર્વોપરિ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ આદિ સ્વરૂપોનો પાટોત્સવ - અભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્‌ હસ્તે ધામધૂમથી ઉજવાશે.

આ દરેક પ્રસંગોમાં સમસ્ત હરિભક્તોએ દર્શનનો મહા લાભ લેવા આમંત્રણ છે.

ફેબ્રુઆરી-૦૮નો સુધારો

કેનિયા (ઈસ્ટ આફ્રિકા) નાઈરોબીમાં થયેલ તોફાનોમાં ત્યાંની આમજનતાના ઘણા માણસો ઘર બાર વિનાના થયા હતા અને ઘણા મૃત્યુ પામેલ. પરંતુ શ્રીજી મહારાજની કૃપાથી કોઈ ભારતીય કે ગુજરાતીને કોઈ નુકશાન કે જાન હાની થઈ નથી.

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

માગસર સુદ-૨ અનિ. ભક્તિપ્રસાદદાસજી સ્વામી. **માગસર સુદ-૫** પ.ભ. હિરજી વેલજી વાઘજીયાણી, કચ્છ-નારણપર. **માગસર સુદ-૭** પ.ભ. પાયલબહેન વિનોદકુમાર પટેલ, મીઠાખળી. **માગસર સુદ-૮** પ.ભ. લાલજી રામજી કેરાઈ, રામપર-વેકરા. **માગસર સુદ-૧૨** પ.ભ. કૌશિકભાઈ ચંદ્રેશભાઈ પટેલ.**માગસર સુદ-૧૩** અનિ. પ.ભ. ઘનશ્યામભાઈ નારણભાઈ, રાજપુરવાળા. **માગસર સુદ-૧૪** પ.ભ. અંબાલાલ બકોરભાઈ પટેલ ● પ.ભ. હરિભાઈ વલ્લભભાઈ નાકરાણી, પીઠવડીવાળા.

માગસર વદ-૫ પ.ભ. પટેલ ભાઈચંદભાઈ નારણદાસ, પટેલ જીતુભાઈ પ્રભુદાસ, ધામણવા. **માગસર વદ-૬** અનિ.પ.ભ. રતનબાઈ કરશનભાઈ રામાણી (હ. માવજીભાઈ, પ્રેમજીભાઈ, વેલીબેન, પૂરીબેન, પમીબેન, મંજુબેન) રામપર-માંડવી. **માગસર વદ-૭** અનિ.પ.ભ. સાકરબેન નાથાભાઈ પટેલ. **માગસર વદ-૯** પ.ભ. હંસાબેન ટી. પટેલ (પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી). **માગસર વદ-૧૦** પ.ભ. મધુબેન પુરષોતમભાઈ મારફતીયા ● અનિ. ચંચળબેન ડાહ્યાભાઈ દાણી (હ. અનીલભાઈ ડી. દાણી). **માગસર વદ-૧૩** પ.ભ. અમૃતભાઈ બી. પટેલ, ધમાસણા ● અનિ.પ.ભ. મંગુબેન શાકરચંદભાઈ ઠક્કર ● પ.ભ. માંગીબહેન મધુભાઈ રાજપરા ● પ.ભ. ગોવિંદભાઈ મણીલાલ પટેલ ● પ.ભ. કાંતિભાઈ પ્રભુદાસ પટેલ, ઉંઝા

પોષ સુદ-૨ પ.ભ. પાટડીયા જયશ્રીબેન જગદીશભાઈ, અમદાવાદ. **પોષ સુદ-૫** પ.ભ. પટેલ ચંદુભાઈ ત્રિકમદાસ, કરજીસણ ● શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ. **પોષ સુદ-૧૩** પ.ભ. દેવેન્દ્રકુમાર ભીખાભાઈ, લસુન્દ્રા ● અનિ.પ.ભ. નંદુબેન વિઠ્ઠલભાઈ પટેલ ● પ.ભ. કમળાબા ભાવસાર. **પોષ સુદ-૧૪** પ.ભ. જયેશભાઈ નટવરલાલ મિસ્ત્રી ● પ.ભ. કનુભાઈ ઈશ્વરલાલ પટેલ.

પોષ વદ-૩ પ.ભ. શાંતાબેન ભરતલાલ પટેલ, ઝુલાસણ ● પ.ભ. માવજી હરજી ભગત (પુત્રી કુંવરબાઈ સહ પરિવાર). **પોષ વદ-૪** અનિ. પટેલ ભગાભાઈ રામદાસ, પટેલ અંબાલાલ રામદાસ, ઈટાદરાવાળા (હ. ગોવિંદભાઈ રામદાસ પટેલ - શાહીબાગ) ● પ.ભ. શારદાબેન તથા તારાબેન ● શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ. **પોષ વદ-૫** પ.ભ. પાર્થ વિનયકુમાર ગજજર (હા. પ.ભ. વાસુદેવભાઈ ગજજર). **પોષ વદ-૭** અનિ. ભવાનભાઈ ડાહ્યાભાઈના મોક્ષાર્થે (હ. ઘનશ્યામતથા દિપક) ● અનિ.પ.ભ. પ્રેમજી શામજી હિરાણી, પ.ભ. સુરેશભાઈ પ્રેમજીભાઈ હિરાણી. **પોષ વદ-૮** અનિ.પ.ભ. પ્રેમજીભાઈ ભવાનભાઈના મોક્ષાર્થે. **પોષ વદ-૧૦** અનિ.પ.ભ. હરિભાઈ લલ્લુભાઈ ભાવસાર. **પોષ વદ-૧૨** પ.ભ. પટેલ વિષ્ણુભાઈ કેશવદાસ, મોખાસણ ● પ.ભ. કાંતાબેન રમેશભાઈ પટેલ (પ્રકાશ તથા મોનીકાના લગ્ન નિમિત્તે) ● પ.ભ. ઈશ્વરભાઈ ● અનિ.પ.ભ. અશ્વિનભાઈ બળદેવદાસ ભાવસાર. **પોષ વદ-૧૪** અનિ. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી (હ. ધર્મસ્વરૂપદાસજી સ્વામી), નાથદ્વારા.

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

જુનાગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરના શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીના ગુરુ વયોવૃદ્ધ જ્ઞાન વૃદ્ધ સંત પુરાણી સ્વામી નારાયણમુનિદાસજી (પૂ. ગુરુ સ્વામી) મહા સુદ-૩ ને શનિવાર તા. ૯-૨-૨૦૦૮ના રોજ શ્રીજી મહારાજનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

આસનસોલ : પ.ભ. નરસિંહભાઈ મોહનભાઈ પાનશેરિયા (ઉં. ૮૩ વર્ષ) (શ્રી મનહરભાઈ અને શ્રી પ્રફુલભાઈના પિતાશ્રી) તા. ૨૧-૧૨-૦૭ ના રોજ શ્રીજીમહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મોરબી : પ.ભ. યશ્વીબહેન હરગોવિંદભાઈ તા. ૨૫-૧-૦૮ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મોટપ : પ.ભ. કેશવલાલ કાનજીદાસ પટેલ (માજી કોઠારી) શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા તા. ૨૪-૨-૦૮ના રોજ અક્ષરનિવાસી થયા છે.

ટાંગલા : શ્રી ચંપકલાલ (અસારવા ગુરુકુળ)ના પિતાશ્રી પ.ભ. ખોડાભાઈ હરસુરભાઈ કાઠી તા. ૩-૨-૦૮ના શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : શ્રી નરનારાયણદેવના અનન્ય નિષ્ઠાવાન, પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના કૃપાપાત્ર (પ.ભ. ભાલજા સાહેબ મંડળના સક્રિય સેવાભાવી સભ્ય) પ.ભ. ઘનશ્યામભાઈ મુળજીભાઈ ઠક્કર (દૂધવાળા) તા. ૮-૨-૨૦૦૮ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.















૧. મહેસાણામાં ભવ્ય મંદિર નિર્માણનું કામ ધમધોકાર ચાલું છે તેની તસવીર.

૨. ભાઉપુરા ગામે શોભાયાત્રામાં દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી

૩. ભાઉપુરા (તા.કલોલ) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા બાદ આહ્‌વાન મંત્ર વિધિ કરતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી

૪,૫,૬,૭. ભાઉપુરા મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે વિશાળ સભામાં આશીર્વાદ વરસાવતા શ્રીહરિના દ્વ્રા, ૭ માં અને ૮ માં વંશજ


અમદાવાદ મંદિર હવેલીમાં સુખ શય્યા માટે સુવર્ણ દાનની ઉત્તમ તક

પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી ના આશીર્વાદથી અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ્રસાદીની ઐતિહાસિક ગાદીવાળાશ્રીની હવેલીમાં શ્રીહરિને પોઢવા માટેનું સુખશય્યાનું સિંહાસન ઘણુંજ જીર્ણ થઈ ગયું હતું. જેથી તેને સુવર્ણથી મઢવાનું કામ શરૂ કર્યું છે. તો સત્સંગી બહેનોને આવી અલૌકિક ભગવાનના પોઢવાના સુખશય્યાની સોનાની સેવા કરવા ઉત્તમ તક મળી છે.


આ માટે સોનું અથવા રોકડરૂપે સેવા સ્વીકારવામાં આવશે. જેની પાકી પહોંચ હવેલી અને કોઠારથી મળશે.

- મહંત સ્વામી

Registered under RNI-No-GUJHIN/2007\20221 "Permitted to post at
Ahd PSO on 11th every month under postal Regd. No.GAMC 003 issued SSP
Ahd Valid up to 31-12-08 Licenced to Post without pre payment No.AM-019 valid up to 31/5/2008


1


2


3



4

૧. લાલોડા (તા.ઈડર) પારાયણ પ્રસંગે ભવ્ય શોભાયાત્રામાં દર્શન આપતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી
૨. પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં કથામૃત પાન કરાવતા કથાકાર પૂ. પી.પી.સ્વામી
૩. લાલોડા મંદિરના વયોવૃદ્ધ મહંત શા.સ્વામી ઘનશ્યામજીવનદાસજીનું સન્માન કરી આશીર્વાદ આપતા પ.પૂ.મોટા મહારાજશ્રી
૪. સંદેશ પેપર આયોજીત જ્ઞાન સંસ્કાર ઉત્સવ પ્રસંગે આપણા પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં મૂળ સંપ્રદાય ઉપર વકતવ્ય આપતા પૂ.શા.સ્વા.હરિકેશવદાસજી અને શા.ધર્મકિશોરદાસજી